R.N.I.No. : 11555/66 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 53 Issue No. 12 March - 2010

*ઈશ્વરે કદી કીધું નથી કે*
*તમને પીડા વગરના દિવસો આપીશ.*

વીતી ગયેલી ક્ષણોને સુધારી
નવી શરૂઆતની તક તો કોઇને મળતી નથી.
પણ આ ક્ષણથી પ્રારંભ કરીને
નવો અંત મેળવવાની તક તો દરેક જણ મેળવી શકે છે ।

*ઈશ્વરે કદી કીધું નથી કે*
*તમને પીડા વગરના દિવસો આપીશ.*

દુઃખ નહીં ફક્ત હાસ્ય આપીશ.
વાદળ વિનાનો સૂર્યપ્રકાશ આપીશ.
........પણ એણે એ જરૂર કીધું છે કે
તમને પીડા સહન કરવાની તાકાત આપીશ.
રડીને હળવા થવાની રાહત આપીશ.
રસ્તો સૂઝે એવો પ્રકાશ આપીશ...

નિરાશાઓ રોડ પર આવતા બમ્પ જેવી હોય છે:
તમારી ગતિ થોડીક વાર માટે રૂંધાય જરૂર છે,
પણ પછી ની સફરમાં તો આનંદ મળે જ છે...
માટે બમ્પ પર જ રોકાઇ ના જતા,
આગળ વધતા રહેજો।

- સંકલન



**B.N.S. OFFICE BEARERS/COMMITTEE MEMBERS & CAPTAIN LIFT THE PRECIOUS LALKHA & BABI WINNING TROPHY IN BALASINOR 2009-10. B.N.S. SERIES WON BY 3-1.**



**B.N.S. PLAYERS/LADIES & KIDS EXCITED TO LIFT THE WINNING LALKHA & BABI TROPHY 2009-10 IN BALASINOR. B.N.S. SERIES WON BY 3-1.**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૩ | ૧૨ | ૧૫-૩-૨૦૧૦ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**નિખિલ પરીખ (તંત્રી)**

**જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી**

**શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)**

**નિકેશ જ. ગાંધી**

**અમીત વ. પારેખ**

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૧ થી ૮ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# એક અધુરી વાર્તા

**તંત્રી સ્થાનેથી**

તમારી ફેવરીટ હિરોઈન કોણ? હમણાંની પ્રીટી ઝીંટા એના પહેલાં જુહી ચાવલા, કાજોલ અને જુના જમાનાની મધુબાલા. આ બધી હિરોઈનમાં સામ્ય શું છે? એમનું સ્માઈલ, એમનું નટખટીપણું, એમની પરદા ઉપરની લાઈવલીનેસ, એમનું ખુલ્લા દીલથી હસવું.

એક સ્માઈલ, એક ખુલ્લુ હાસ્ય અને આપણા દીલ ખુશ. નાના બાળકો બધાને ગમે પણ કેટલાંક બાળકો નાનપણથી જ સીરીયસ. દસ વાર બોલાવો તો કદાચ બોલે, કયારેક તો મા બાપા વઢે ત્યારે હલો કહે. ચુપચાપ એક બાજુ બેસી રહે પણ મા બાપ કહેતા ફરે મારો ચીકુ બહુ ડાહ્યો. બાળકો તો તોફાની જ હોવા જોઈએ. જો ઘરમાં ના હોય તો ઘર સુનુસુનુ લાગવું જોઈએ. હાય અંકલ કહીને સામેથી બોલાવે, મસ્તી તોફાન કરે. બધાની સાથે હળીમળી જાય, બોલાવવા, રમાડવા ગમે, લાડ કરવા અને લાડ પુરા કરવા ગમે. એટલે જ કદાચ કનૈયાએ તોફાનો, નટખટીપણાં દ્વારા બાળપણ વિતાવ્યુ હશે.

આજના ટી.વી. કે રેડીયો શોના એન્કરો પણ એકદમ લાઈવ હોય છે. જીવનથી ભરેલા (એટલીસ્ટ શો માં તો હોય છે) અને આવા જ હસતાં હસાવતા લાઈવ એન્કરને જ પસંદ કરવામાં આવે છે જેને જોવા સાંભળવા ગમે. હા કેટલાક વધુ પડતાં નખરાં કરીને ઈરીટેટ કરે પણ ઓવર ઓલ જીંદાદીલી દેખાઈ આવે.

કરૂણ કથાવસ્તુવાળા પીકચરોમાં પણ જો છેલ્લે હીરો કે હીરોઈન ને મરવાનું હોય તો આ પાત્રને આખા પીકરચમાં હસતુંરમતું જીંદાદીલ બતાવે. જેમ કે મીલી, આનંદ વગેરે. 'બાબુમોશાય જીંદગી કી ડોર

ઉપરવાલે કે હાથમેં હૈ, હમ તો બસ ઉસકે હાથકી કઠપુતલીયા હૈ' આવું હસતાં હસતાં કહી દેતાં, પોતાની પાછળ બીજા લોકોને જીવન જીવવાનું શીખવી જતાં આવા લોકોના મોત પર જ પ્રેક્ષકોને રડવું આવે બાકી પીકચરોમાં કેટલાંયે પાત્રો મરતાં બતાવે છે. દરેક મૃત્યુ પાછળ દુ:ખ થોડું થાય.

આપણાં રોજીંદા જીવનમાં પણ આપણે આ અનુભવીએ છીએ, કેટલાંક લોકો સવારે મળે તો થાય આજે તો દિવસ સુધરી જશે અને કેટલાકનું મોઢું પણ દુરથી જોવાનું આવે તો થાય સવાર સવારમાં આનું મોઢું ક્યાં જોયું નક્કી આજે દિવસ ખરાબ જ જવાનો. મોર્નીગ વોકમાં પણ કેટલાંક લોકો વોકમેન લઈને ફરતાં હોય. પોતાનામાં જ ખોવાયેલ હોય. કોઈની સાથે બોલવું નહી. હાય હલો નહી અને એકાદ સ્માઈલની પણ આશા ન રખાય અને ઘણા પોતે જ વોક-મેન હોય. દરેકને જુદી જુદી રીતે ગુડમોર્નીગ, જે જે ગોકુલેશ, જય જીનેન્દ્ર, હરીઓમ કરીને મળતાં હોય. સામેથી બોલાવતાં હોય અને આનંદ ખુશી વ્યક્ત કરતાં હોય.

ઘણા લોકો મળતાંની સાથે પ્રેમથી ભેટે, ખભે હાથ મુકે અથવા તો હસ્તધુન કરે, એમના હાથોમાં પણ પ્રેમની ઉષ્માનો, આત્મીયતાનો અનુભવ થાય. એમની વાતોમાંથી પણ હાસ્ય ઉભરે અને હૈયામાં પ્યાર-ઉમટે. કેટલાંક લોકો સોગીયા મોઢા લઈને ફરતાં હોય. ભુલેચુકે કેમ છો ? શું થયું મોઢું કેમ આવું છે ? પુછયું તો આવી બને. એમના આગળના પાછળના દિવસની કહાણી દુ:ખી થઈને સુણાવી દે. જાણે દુ:ખના પહાડ તો ફક્ત એમના ઉપર તુટી પડયા હોય. એવા લોકોના દિલમાં રોજ દુ:ખના સુનામી આવતા હોય અને મોઢા ઉપર ઉભરાતા હોય જ્યારે કેટલાંક ખરેખર દુ:ખી હોય તો પણ હસતાં ને હસતાં, કેમ છો ની સામે અચુક જવાબ મળે, આપણને શું દુ:ખ છે. આપણને તો જલસાં છે. એમના દુ:ખનો ઉલ્લેખ કરીએ તો પણ કહે એ તો ચાલ્યા કરે. આવું બધું તો આવે ને જાય આટલું બધુ ભગવાને સુખ આપ્યું છે આવું થોડું થોડું ન થાય તો એને યાદ કોણ કરે અને પાછું એ જ હાસ્ય મોઢા ઉપર રેલાઈ જાય. હાસ્ય કલ્બોમાં તો લોકો ખોટું ખોટું હસતાં હોય છે પણ ઘણા લોકો પોતે જ હાસ્ય કલબ થઈને ફરતાં હોય છે. મઝાક મસ્તી ને હાસ્ય ફેલાવતાં જાય. લોકોને જીવવા માટેના કારણો બતાવતાં જાય અને પોતાના જીવન દ્વારા કહેતા જાય કે દોસ્ત જીવન ખરેખર સુંદર છે.

હમણાં એક સરસ અધુરી વાર્તા વાંચી.

એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ ક્યાંય નજરે ચઢતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવે જ છુટકો. શહેરની વચ્ચેથી રેલ્વે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મુકવાનું તેણે નક્કી કર્યું. પણ ઘરેથી નીકળતાં બીજો પણ સંકલ્પ એણે કર્યો કે, રસ્તામાં જે માણસ મળે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરી, એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે તો મરવાની યોજના પડતી મુકીને પાછા ઘરે જવું પછી ? મેં પહેલાં જ કીધું છે,'એક અધુરી વાર્તા વાંચી' હવે એક સવાલ. એ માણસ ઘરેથી નિકળ્યો પછી, રસ્તામાં તમે જ એને સામા મળ્યા હોત તો ? તો બોલો એનું શું થાત ? તમે એને પાછા ફરવાનું કારણ આપી શક્યા હોત ? કે પછી તમને મળ્યા પછી પણ એ મોત તરફ આગળ વધ્યો હોત ? વિચારી જુઓ.

જીવનમાં આપણા એક સ્મીત, એક પોઝીટીવ એટીટયુડ, એક ઉષ્માભર્યો સ્પર્શ, એકાદ સારી વાત, એકાદ લાગણીભર્યો બોલ, બીજાને જીવવાનો મકસદ આપતો જાય છે. તો શું આ બધી નાની નાની બાબતોને આપણે આપણા જીવનનો મકસદ ન બનાવી શકીએ ?

ઉપરની અધુરી વાર્તા પુરી કરો, કોકના મનમાં પડેલી ખાલી જગ્યા પુરો, ખડખડાટ હાસ્ય માટેના ચાર કારણો આપો, હું મારા જીવનને માણુ છું, જીંદગીને ચાહું છું, પુર્વાપર સંબંધો આપીને સમજાવો, પરીક્ષાની સીઝન આવે છે. આટલી તૈયારી તો કરવી જ પડશે.

**- નિખિલ પરીખ**

# Dearest શ્રીનાથજી પપ્પા

✍ ઉષા એસ. ધારીયા

Dearest શ્રીનાથજી પપ્પા,

હાથ તારા, કલમ તારી, બુધ્ધિ પણ તારી અને હું આખેઆખી, પૂરેપૂરી તારી જ તારી. તને મારે શું લખવાનું હોય પરંતુ જનમ ધરીને આ પૃથ્વી પર તું મને લાવ્યો અને એશ આરામ સહ તારી સમજી મોટી કરી. વર્ષોના વ્હાણા વાયા અને રાત્રીઓ ગઈ પરંતુ હું તને થેંક્યુ ન કહી શકી. એ કહેવા માટે પણ હું મારી જાતને હીણ જ સમજું છું. તું તો કુબેરો લુટાવે અને હું બુદ્ધિહીન, અબુધ તારા આપ્યાનો માપદંડ કાઢવા વિચારી રહી. મારા જેવી મુરખી બીજી કોણ હોય. હૃદયથી તો હું નિર્મળ છું છતાં ક્યારેક પાપની પરછાઈ મારા મનને કલુષિતતા બક્ષતી હશે. જો કે એનો હિસાબ તો તને જ સમજાય પણ છું હું તારી જ વ્હાલસોયી દીકરી. મા કહું, બાપા કહું, દાદા કહું કે નાની અણમોલ, તું તો પૂરણ બ્રહ્મનો અધિપતિ હર જીવંત જડ ચેતનમાં તારી પરછાઈ, તારાને મારા એક પાઉલા, જગા જગા પર તારા ઠેસા, છતાં હું બાવરી તને શોધવા અહીં તહીં આથડી અને મળ્યો ક્યાં તો કે મારા હૃદયના એક ખૂણામાં તને મૂર્તિમંત સ્થિત જોયો અને હાશ કરી બેઠી આખરે તું મારી એકદમ નજીક મારી અંદર જ રહે છે એ જાણી હું તો ધન્ય ધન્ય થઈ ગઈ છું. તું મારા માટે ગમે તે વિચારે પણ હું છું તો તારી જ. તું અંતરના ખૂણે લપાઈને તો બેઠો છે, એ તો મેં જાણ્યુ પરંતુ તારા વિરાટ, નિરાકાર સ્વરૂપનાં દર્શન કરવાની મનની એક માત્ર લાલસા તારે પૂરી કરવી જ રહી. તારે મને પ્રોમીસ આપવું પડશે એ માટે કઈ જન્મો રાહ જોવી પડે તો હું જોઈશ. અંતરની આરજુ તારે પૂરી કરવી જ પડશે. દિકરી જો હું તારી કહેવાઉં આ જન્મે તો હું તને થેંક્યુ કહી રહી હતી અને મારા જીવનની અંતિમ આરઝુ છે. તમને મારી આરઝુ વિનંતી પૂરી કરવા જન્મો જન્મની મુક વિનંતી છે. આ માટે હું તને ફક્ત થેંક્યુ જ નહી કહું, પરંતુ તારા ચરણને શરણ થઈને રહીશ. તારી સેવા સ્વીકારી લઈશ, તું મારા Dearest શ્રીનાથજી પપ્પા છે અને મને તારો ભરોસો દ્રઢતા પૂર્વકનો છે. તું મારું સર્વસ્વ જ છે. દીકરીને તો બાપાનો વિશ્વાસ પૂરો હોય જ હોય. તમારી સમજી કોટયાનું કોટિ અપરાધને ય વિસારી પ્રભુ શ્રીનાથજી મને તુજ વિરાટનું દર્શન આપજે. મનોમન મારી વંદના સ્વીકારી લેજો. આથી વિશેષ મારે કાંઈ કહેવાનું રહેતું નથી.

તારી દર્શનાભિલાષી દીકરીના તને કોટિ કોટિ પ્રણામ. જન્મો જનમ માંગુ તારી દુહાઈ....

✣ ✣ ✣ ✣ ✣ ✣

# પ્રજાસત્તાક ભારતમાં ૬૦ વર્ષ

✍ **પ્રવિણ દેસાઈ**

આપણને આઝાદી મળી, ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે આપણો દેશ સાર્વભૌમ પ્રજાસત્તાક જાહેર થયો. બે વર્ષ અને ૧૧ મહિનાના મનોમંથન બાદ આપણું રાજ્યબંધારણ ઘડાયું. આ બંધારણમાં સરકાર, સંસદ, ન્યાયતંત્ર અને મીડીયા પર એકબીજાનો અંકુશ રહે (Check and Balance) એવી જોગવાઈ છે. આપણું રાજ્ય બંધારણ સૌથી મોટું છે. જેમાં સાર્વભૌમત્વ બિન સંપ્રદાયિકતા, લોકશાહી, ન્યાય અને સમાનતાનાં મૂલ્યોનો સમાવેશ છે.

દેશની આઝાદી માટે અનેક શહીદોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી. ૪૨ની લોકક્રાંતિ માટે ભારત છોડોની હાકલ કરનાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અથાક પ્રયત્નો અને દેશના નાગરિકોના સહકારથી અંગ્રેજોની ગુલામીમાંથી આપણે મુક્ત થયા. પ્રજાસત્તાકના પર્વે આપણે ગાંધીજીને યાદ કરીએ છે. મારું જીવન એજ મારો સંદેશની વાત કરનાર બેરિસ્ટર એમ.કે.ગાંધી થી મહાત્મા સુધીની જીવનસફર ખેડનાર ગાંધીજીએ પોતાની આત્મકથાને 'સત્યના પ્રયોગો' નામ આપ્યું. આ કથા તમે સૌએ વાંચી જ હશે. ના વાંચી હોય તો આપણી શાળાના પુસ્તકાલયમાંથી મેળવીને જરૂર વાંચી જજો. તમને આ આત્મકથામાં ગાંધીજીએ પોતાની જાત પર કરેલા સત્યના પ્રયોગોની ઝાંખી મળશે. ગાંધીજીનું જીવન એક પ્રયોગ શાળા સમુ હતુ. સતત પરિવર્તન શીલ જીવન અંગે વાત કરતાં ગાંધીજીએ કહયું હતું. મારી કોઈપણ આજે કહેલી વાત કરતાં અગાઉ કહેલી વાતમાં ફરક હોય તો તે બાબત આજે જે કાંઈ કહયું છે તેને જ પ્રમાણ ગણજો. આપણું રાજ્યબંધારણ લોકશાહીનો પ્રજાસત્તાક ભારતનો પ્રાણ છે. તેને માનવાની લોકોને આણ છે. નહેરુ આંબેડકરની દેણ છે. આવા આપણા સંવિધાનની આપણા પ્રજાપ્રિય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ હાથી પર અંબાડીમાં મૂકી સુરેન્દ્રનગરમાં યાત્રા કરાવી. આ પ્રસંગ, આપણને જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યના ગ્રંથ 'સિધ્ધહેમ'ને હાથી પર અંબાડીમાં પધરાવી રાજા કુમારપાળે પાટણ શહેરમાં યાત્રા કરાવી હતી. તેની યાદ આપવે છે. ૬૨ વર્ષથી લોકશાહી આ દેશમાં ટકી રહી છે તેનું મુખ્ય કારણ આ બંધારણ અને આપણા દેશવાસીઓની સતત જાગૃતિ છે. આપણે આજે રાષ્ટ્રધ્વજની વંદના કરી આ ત્રિરંગો દેશનું ગૌરવ છે. લોકશાહીનું પ્રતીક છે. આ રાષ્ટ્રધ્વજની આન-બાન અને શાન માટે અનેક દેશવાસીઓએ પોતાના બલિદાન આપ્યા છે.

તમે સૌ એ દેશનું ભવિષ્ય છો. 'તુમ હી ભવિષ્ય હો, મેરે ભારત વિશાલ કે' તમારામાંથી કેટલાક ભવિષ્યમાં વહીવટમાં, ધારાસભામાં, સંસદમાં કે નગરપાલિકામાં જાવ, એવું બને પણ ખરું ત્યારે રાષ્ટ્રપિતા ગાંધીજીએ કહેલી આ વાત જરૂરથી જ ધ્યાનમાં રાખજો. એમણે કહયું હતું. કોઈપણ નિર્ણય લેતાં પહેલાં એટલું જરૂર વિચારજો કે આ દેશના સાવ છેવાડેના માણસને એથી કોઈ અન્યાય તો નહીં થાય ને ?

(પ્રજાસત્તાક દિન કેળવણી મંડળની આપણી ચારેય શાળાઓના ઉપક્રમે ધ્વજવંદન કરાવ્યું તે પ્રસંગે આપેલું પ્રવચન થોડાક ઉમેરા સાથે)

☆☆ ☆ ☆ ☆

# પબ્લિસિટી માટેની ભૂખ...

✍ પંકજ કે. શાહ

એક તરફ દિન-પ્રતિદિન વધતી જતી મોંઘવારીમાં ગરીબ માણસોને રોટીની ભૂખ સતાવે છે, તો બીજી તરફ ચમક-દમક અને જાહેર જીવનમાં રહેતા લોકોને પબ્લિસિટીની ભૂખ તડપાવે છે.

રાજકીય, સામાજિક કે આધ્યાત્મિક કોઈપણ ક્ષેત્ર તરફ નજર કરીએ તો જાહેર જીવનમાં પ્રસિદ્ધ માટે વલખા મારતા ઘણા આગેવાનો જોવા મળે છે.

બોલીવુડના પ્રખ્યાત કલાકારો, રાજકીય પક્ષોના આગળ પડતા નેતાઓ અને અનેક ધાર્મિક સંપ્રદાયોના વડાઓ કોઈપણ ભોગે હરહંમેશ લોકોની નજરમાં રહેવાની ઘેલછા ધરાવતા હોય છે. પબ્લિસિટી મળતી રહે એ માટે તેઓ કોઈપણ હદ સુધી જવા તૈયાર થઈ જાય છે. ક્યારેક તો આ બધાને એટલી બધી ભૂખ ઉપડે છે કે જો નેગેટિવ પબ્લિસિટી મળતી હોય તો તે પણ મેળવી લેવામાં તેઓને જરાય નાનમ કે છોજ લાગતો નથી.

કાવાદાવા, વિરોધ, ટીકાઓ, મોરચા અને તમાશા આ બધુ જાહેરજીવનમાં સહજ બની ગયુ છે. આ દેશના રાજકારણીઓએ તો માત્ર બે જ વિકલ્પ ખુલ્લા રાખ્યા છે કાં સત્તામાં ભાગીદાર બની માલમત્તા બનાવો અથવા વિરોધમાં રહી તોડફોડમાં વ્યસ્ત રહી પોતાની હાજરીની નોંધ પ્રજામાં રાખવી.

એક સમયના 'ફાયર-બ્રાન્ડ' સમાજવાદી નેતા જ્યોજ ફર્નાન્ડીઝ આજકાલ મિડિયામાં ચમકી રહ્યા છે. આજીવન ઈસ્ત્રી વિનાના લેંઘા-ઝભ્ભા તથા પગમાં પોલિશ વગરની સાદી ચંપલ પહેરીને ફરતા આ નેતા એટલા માટે સમાચારમાં છે કે છેલ્લાં ૨૬ વરસોથી અલગ રહેતી તેમની પત્ની, અમેરિકાથી દિકરા, વહુ અને પૌત્ર સાથે નેતાની સેવા કરવા આવી પહોંચી છે. સેવા એ તો એક બહાનુ માત્ર છે, સાચી સ્ટોરી એ છે કે આ નેતાજી ૨૬ કરોડ રૂપિયાના આસામી છે. સાદુ જીવન જીવતા આ નેતા પાસે આટલી મોટી રકમ ક્યાંથી આવી એ ભારતની સામાન્ય જનતા માટે એક સરપ્રાઈઝ છે. આવા તો અનેક નેતાઓ છે કે જેઓની સંપત્તિ અને કૌટુંબિક કંકાસની વાતો જાણીએ તો આપણી આંખો પહોળી થઈ જાય.

લોકશાહી દેશમાં વિરોધ વ્યક્ત કરવાનો દરેકને અધિકાર છે. પણ વિરોધના નામે જ્યારે જાહેર અને ખાનગી મિલકતો ઉપર હુમલા થાય ત્યારે એક વાતનું પારાવાર દુઃખ થાય કે માત્ર લોકનજરમાં રહેવા માટે આવા તોફાન શા માટે? વર્ષ ૨૦૧૦ના જાન્યુઆરી તથા ફેબ્રુઆરી મહિનાઓ દરમ્યાન મુંબઈ શહેરમાં ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટલ, નવા કાળ દૈનિક કાર્યાલય જેવા અનેક જાહેર સ્થળોએ ભાંગફોડ થઈ. રાજકીય આગેવાનોના હાથા બની કાર્યકર્તાઓ તોડફોડ ઉપર ઉતરી આવે એવી લોકશાહી શરમજનક લાગે છે.

આજકાલ તો નેગેટિવ પ્રચાર એ પણ જાહેર જીવનમાં ટકી રહેવા માટેનું એક ગતકડુ બની ગયુ છે. થોડા સમય પહેલા મુંબઈમાં ઉપનગરના રેલ્વે સ્ટેશનો ઉપર કાળા વાવટાની વચ્ચે રાહુલ ગાંધીએ લોકલ ટ્રેનમાં મુસાફરી કરી અને પબ્લિસીટીનો લાભ મેળવ્યો.

નેગેટિવ પ્રચાર ક્યારેક અણકલ્પ્યો લાભ પણ આપી જાય છે. તાજેતરમાં જ રીલીઝ થયેલી ફિલ્મ 'માય નેમ ઈઝ ખાન' વખતે બિનજરૂરી સ્ટંટ ઉભો કરવામાં આવ્યો. નેગેટિવ પ્રચારના કારણે આ ફિલ્મને મીડિયામાં બહુ મોટું કવરેજ મળી ગયું.

એક વસ્તુનો પ્રચાર ક્યારેક બીજી વસ્તુ માટે જાણે અજાણે લાભદાયી બની જાય એવા કિસ્સા પણ જોવા મળે

છે. વર્ષ ૨૦૦૮માં લોકસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ પાર્ટીને અણધારી સફળતા મળી. તેજ સમય ગાળામાં અક્ષયકુમારની 'સિંઘ ઈઝ કીંગ' રિલિઝ થવાની તૈયારીમાં હતી. શ્રી મનમોહન સિંઘ ભારતના વડાપ્રધાન બનતા જ ટીવી ચેનલો અને અખબારોમાં જે રીતે સમાચારો ચમકયા તેનો અભુતપૂર્વ લાભ ફિલ્મ 'સિંઘ ઈઝ કીંગ'ને મળી ગયો.

આપણા દેશમાં સત્તા ભૂખ્યા લોકોએ હંમેશાં જાતિ, જ્ઞાતિ, ધર્મ, પ્રદેશવાદ અને લોકપ્રિયતાના નામે લોકોને છેતર્યા છે. આમ આદમીની સમસ્યાઓ વિશે કોઈ રાજકીય પક્ષને બિલકુલ પડી નથી. આજે નથી સાચા નેતા કે નથી નેતાને પારખનારી પ્રજા. લોકોને રિઝવતા શબ્દો બોલવાથી પ્રલોભનો આપવાથી કે બિનજરૂરી શક્તિ પ્રદર્શન કરવાથી સાચા નેતા નથી બની જવાતું !

દુનિયાભરના શહેરોમાં મુંબઈ શહેરનો એક નોખો અંદાજ છે. મુંબઈમાં જીવન વિતાવ્યા બાદ વિશ્વના લગભગ તમામ શહેરો કદાચ ફિક્કા લાગે. વિશ્વના ગમે તે શહેરમાં જઈને વસો પણ જેને એક વાર મોહમયી નગરી મુંબઈની માયા લાગી છે. એ વ્યક્તિ આ શહેરને ક્યારેય વિસરી નહી શકે ! પણ આ નગરીમાં આજે જે રીતે ફાલતુ અને બિનજરૂરી મુદ્દાઓ ઉભા કરી રાજકારણની રોટલીઓ શેકાઈ રહી છે, એ જોતા હવે લાગી રહયું છે કે આ મહાન નગરી એની આન, બાન અને શાન ગુમાવી રહી છે.

હરહંમેશ ધબકતા શહેરની ચમક, દમક અને રોનક ફિકકી પડી ગઈ હોય એમ લાગે છે. સદાય દોડતું જાગતું અને ભાગતું આ જોમવંતુ શહેર એક વેદના અનુભવી રહ્યુ છે. બિનજરૂરી પબ્લિસિટી મેળવવાની દોડમાં આ શહેરની અસ્મિતા, રોનક અને ખુશહાલી લૂંટી લેવાની સત્તા મુંબઈ વાસીઓએ કોઈપણ વ્યક્તિ, ગ્રુપ કે પાર્ટીને આપી નથી એ દરેક જાગૃત નાગરિકે સમજી લેવાની જરૂર છે. જાહેરજીવન જીવતી વ્યક્તિઓને આ શહેરે ઘણુ બધુ આપ્યુ છે. બદલામાં આ શહેર ક્યારેય કશુ માગતુ નથી. આ નગરીનો પ્રત્યેક સામાન્ય નાગરિક ઝંખે છે કે રોજ સવારે ઉગતો સુરજ ખુશનુમા પ્રભાત સાથે આવે અને દરરોજ સાંજે આથમતો સુરજ અમનના શુભ સંદેશ સાથે અસ્ત થાય.

આ લેખ પુર્ણ કરી રહ્યો હતો તેજ સમયે ક્રિકેટ જગતના શહેનશાહ સચિને સાઉથ આફ્રિકા સામે વનડેમાં ૨૦૦ રન બનાવ્યા. મુંબઈ શહેરનો આ છોકરો વિશ્વમાં આ સિદ્ધી પ્રાપ્ત કરનાર પ્રથમ ક્રિકેટર બન્યો. આ છે મુંબઈ શહેરની શાન...

ઈશ્વર, આ શહેરની આન, બાન અને શાનને સદાય બરકરાર રાખે એ પ્રાર્થના. ☆☆☆

# સળગતાં શમણાં....

**'આંખોને કહું છું, તું શીદને જુએ છે શમણાં...**
**જીવને એક નહિં, પણ એકસો છે વિટંબણા.'**

આશરે માંડ ૫૦ થી ૧૦૦ છૂટા છવાયાં ઘર, એકાદ દવાખાનું નાની-મોટી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની હાટડી, પોસ્ટઓફીસ, એક નાનકડું પણ ઠીકઠીક સુવિધા ધરાવતું સરકારી ગૃહ, બસ આ સિવાય હરિપુર ગામમાં જોવા મળતું નૈસર્ગિક સૌંદર્ય ગ્રામજનોમાં જોવા મળતી માણસાઈની સુવાસ તેમજ ભારોભાર નિર્દોષતા અને ભોળપણ તેથી અનાયાસે પણ અહીં આવનાર અતિથિને ઉત્તમ પ્રકારનું આતિથ્ય અચૂક માણવા મળે જ મળે.

ઓછી વસતિવાળા હરિપુરમાં છેલ્લા પંદરેક દિવસથી સારી એવી ચહલપહલ હતી. ગામમાં કોઈ ઉત્સવ હોય તેમ સૌ હોંશે હોંશે શહેરની એક જાણિતિ હોસ્પિટલ તરફથી યોજાયેલા આ અનોખા તબીબી શિબિરમાં ભાગ લઈ રહ્યા હતા. શહેરથી આવેલી તબીબોની ટુકડીને ગ્રામજનોનો ઉત્તમ સહકાર સાંપડી રહ્યો હતો. ઝરણા પણ આ તબીબી શિબિરમાં આવેલ તબીબોને મદદરૂપ થઈ રહી હતી. હરિપુર જ નહિ તેની આસપાસના નાના ગામડાંઓમાં પણ તે સાથે જઈ ઘેરઘેર લોકોને આ મહત્વપૂર્ણ શિબિરના ઉદેશથી માહિતગાર કરી રહી હતી. આમ જાણકારી સાથે શિબિરમાં અચૂક ભાગલેવા ગામ તરફથી સૌને સમજાવતી હતી.

'ઝરણા' નામ જેવા જ રૂપ અને ગુણ ધરાવતી નવયૌવના જાણે તરોતાજા છોડ પર પલ્લવીત થઈ રહેલી તાજા ફુલની કળી. આ કળીનું સૌંદર્ય પણ કંઈક એવી રીતે ખીલ્યુ હતું કે જેમાં એક તરફ ભરપૂર જવાનીનું જોશ તો બીજી તરફ તેની હરણીસી ચપળતા, ચંચળતા તથા વાકચાતુર્યનો સંગમ, પલભરમાં જ કોઈનું પણ મનમોહી લેતું. તેનાં લાંબા ઘટાદાર કેશ અને તેની કાજળ ભરેલી અણિયાળી આંખો પાછળ તો કોઈપણ ઘેલું થઈ જતું અને તેનું રૂપ સૌંદર્ય, સૌષ્ઠવ દેહ સૃષ્ટી પાતળી કમર પણ ઝરણા એટલે ગામના મુખી 'ગોવિંદકાકા'ની સંસ્કારી દિકરી, ઝરણાને મન પિતાની આબરૂ-પ્રતિષ્ઠા જીવનથી પણ વધુ વહાલાં તો ગોવિંદભાઈ માટે પણ ઝરણા દિકરાથી પણ અદકેરી, આમ પિતા-પુત્રીના એકબીજા પ્રત્યેના અપાર સ્નેહથી સૌ વાકેફ હતા.

પંદરેક દિવસથી શરૂ થયેલા તબીબી શિબિરમાં ગ્રામજનોને એક એક બાબતથી માર્ગદર્શન આપી રહેલા ડૉ. આશુતોષ પોતાના કાર્ય અને ફરજ પ્રત્યે સંપૂર્ણ સભાન હતા. આમ ઉદેશ પાર પાડવા તેઓ યોગ્ય કામગીરી બજાવી રહ્યા હતા. કામ પ્રત્યેની તેમની નિષ્ઠા અને યુવાનીની ચમક તેમના ચહેરા પર સતત છલકતી આકર્ષક, સોહામણા આ છટાદાર તબીબ યુવાનનું સગપણ ગાયનેક તજજ્ઞ ડૉ. અંજલિ દલાલ સાથે થોડા સમય પહેલાં જ થયું હતું. શિયાળો અને ગામડાની સખત ઠંડીમાં સતત કામમાં સવારથી સાંજ ક્યારે પડતી તેનો ડૉ. આશુતોષને ખ્યાલ પણ ન રહેતો. રોજની જેમ આજેપણ દિવસની કામગીરી આટોપીને ડૉ. આશુતોષ વિચાર મગ્ન બની ઘડીક આરામ ફરમાવી રહ્યા હતા. ત્યાંજ અચાનક બારણે પડતા ટકોરાથી વિચારભંગ થયો. દરવાજો ખોલતા જ સામે અપ્સરાસમાન સૌંદર્ય ધરાવતી ઝરણાને જોઈ તેઓ કંઈક ઉચ્ચારે તે પહેલા જ ઝરણાએ જણાવ્યું. બાપુના કહેવાથી આપને માટે આજે ખાસ ભોજન લાવી છું અને હવે રોજ આપના માટે લાવીશ. કંઈક પણ જરૂર હોય તો જણાવવાનું કહી પવનના સુસવાટાની જેમ વંટોળ રૂપે આવી હતી તેમ

પરત રવાના થઈ. હરણી જેવી ચપળતા અને મોહક તેમ જ માદક સૌંદર્યથી ભરપૂર એવી ઝરણાને જોતાં જ ડૉ. આશુતોષના મનમાં અનેક સ્પંદનો ઉઠયાં. કોણ જાણે કેમ તે ઝરણાનાં મોહપાશમાં ખેંચાવા લાગ્યાં અને તેની ખબર પણ ન રહી. ઝરણાનાં અપ્રિતમ સૌંદર્ય અને આકર્ષણથી બચવું ડોકટરથી મુશ્કેલ બન્યું. તેથી જ છ મહિના પછી ડૉ. અંજલિ સાથે લગ્નસૂત્રથી બંધાવવાની વાતને અને પ્રેમાળ અંજલિને પણ તે વિસરી બેઠા. આમ શિબિર દરમ્યાન ઝરણાએ ડૉ. આશુતોષનું મન એવું ઢઢોળ્યું કે તેનાં મોહપાષમાં ડોકટર પૂરેપુરા બંધાઈ ગયા. દિવસ દરમ્યાન તેમની નજર ઝરણા પર ફરી ફરીને મંડાતી તો ડૉ. આશુતોષની આ ચોર નજરથી ઝરણા પણ વાકેફ હતી. તેને પણ આ નજર જાણે વિંધતી ગઈ અને ત્યારે જ તેને પોતાનામાં યુવાની પ્રવેશ્યાનો જાણે ખ્યાલ આવ્યો ને તે પણ આશુતોષનાં પ્રેમમાં ગુંથાતી જ ગઈ.

દિવસભરનું એકબીજાનું સાંન્નિધ્ય બે યુવા હૈયાનાં પરસ્પર ભારોભાર આકર્ષણ એક સરખો મનનો યુવાન હૈયાનો આવેગ અને યુવાનીનાં સૌંદર્ય સાથેના ટકરાવથી સર્જાયેલા ઉન્માદે એકબીજાને મોહપાષમાંથી ક્યારે જકડયા તેનો ખ્યાલ જ ન રહ્યો અને યૌવનની મર્યાદાને બન્ને ક્યારે પાર કરી બેઠા તેનો જરાય ખ્યાલ ન રહયો. કદાચ ત્યારથી ઝરણા પણ આશુતોષને પામવાના, તેની સાથે પ્રણયસૂત્રમાં બંધાયા પછી લગ્ન કરીને ઘર વસાવવાનાં સ્વપ્ન જોવા લાગી હતી. પળવારમાં તેનું મન પ્રિયતમા મટી પરિણીતા હોવાનું અનુભવવા લાગ્યું. કદાચ ત્યારે જ તેને સંપૂર્ણ ભાન થયું કે તે આ પ્રણય સબંધમાં કોસો દૂર આગળ વધી ચૂકી છે. હવે તે સદાય હસતી ખેલતી ઉછળથી કૂદતી બિન્દાસ યુવતી નહિં પણ કોઈકનાં આગોશમાં કોઈકનાં મોહમાં કોઈકનાં પ્રેમનાં તાંતણે પ્રણય સૂત્રમાં બંધાયેલી પરિણીતા હતી ડૉ. આશુતોષ સાથેના પ્રણયનાં વિચારોમાં ડૂબેલી ઝરણાને અચાનક પિતાનાં આગમને ચોંકાવી અને ત્યારે જ તે પણ અચાનક સભાન બની અરે બેટા તું અહીં છે ? કાલે તો કેમ્પ પૂરો પણ થશે અને આજે જ તું નહિ જાય ? કાલેતો સૌ શહેર ભણી રવાના થશે.

આટલું સાંભળતાં જ ઝરણા સફાળી બેઠી થઈ અને વાવાઝોડાની જેમ ડૉ. આશુતોષને મળવા દોડી. પોતાની મૂળ જગ્યાએ ડૉ. આશુતોષને ન જોતાં તે એકત્રિત થયેલાં ડૉકટરો, નર્સના સ્ટાફ વચ્ચે આવીને અટકી. ત્યારે જ તેના ઝડપી ધ્રુજતા પગને જાણે પરાણે બ્રેકવાગી, અચાનક જ તેને પણ અન્યોની હાજરીનો અહેસાસ થતાં જ તે મૂક બની ગઈ. આશુતોષ પણ કશું જ કહી ન શક્યા. પરંતુ પરિસ્થિતિને અચૂક પામી ગયા. ઝરણાની મૂક વેદતા સમજી  કોઈ બહાનું શોધી તેની પાછળ ચાલ્યા. ઝરણાનાં રૂદનને તેની મનોવ્યથાને ભરપૂર દિલાસા સાથે બાહુપાશમાં છેલ્લી વખત જકડી ફરી મળવાના વચન સાથે ઝરણાને વિદાયઆપી કે આ વિદાય જાણે ઝરણા માટે આફત સમાન બની બેઠી.

આ તરફ હરિપૂરથી શહેર પાછા ફરેલા ડૉ. આશુતોષને લંડનમાં યોજાયેલા મેડિકલ અંગેનાં સેમિનારમાં જવાનું થતાં તે અંગેની તૈયારીમાં ડૂબી ગયા. વિવાહિતા અંજલિ પણ આશુતોષના આવ્યા પછી લંડન જઈ રહેલા આશુતોષને મદદ માટે દોડી આવી. લંડન જવાના દિવસે જાતે કાર ડ્રાઈવ કરી એરપોર્ટ સુધી મૂકીને ભારે હૈયે વિદાય આપી.

ત્રણ મહિના સુધી લંડનના ભરચક કાર્યક્રમોમાં ભાગ લેવા ગયેલા ડૉ. આશુતોષને તો આ તરફ પળે પળે પ્રતિક્ષા કરી રહેલી ઝરણાની હાલત કફોડી બની ગઈ હતી. પ્રિયતમા, પરિણીતા અને તે પછી સંપૂર્ણપણે

સ્ત્રી બની હોવાની અનુભૂતિ પણ તેને ગર્ભમાં ફરકી રહેલા જીવથી થતાં તેને ફાળ પડી. એક તરફ પ્રેમમાં વિશ્વાસઘાત થયાનો વિચાર તો બીજી તરફ પિતાની આબરૂને ધુળમાં મેળવ્યાની મિશ્ર લાગણી થતાં જ હૃદયમાં ચાલી રહેલા તોફાનનાં આવેશથી ચૂપચાપ તે રાત્રિએ જ ઘર છોડીને ચાલ્યા જવાનો દૃઢ નિર્ધાર કર્યો. મગજ અને મનના યુદ્ધમાં તે ગામ છોડી ક્યારે ધોરીમાર્ગ પર આવી તેનો પણ ખ્યાલ ન રહ્યો તેથી જ હાઈવેપરથી પસાર થઈ રહેલી ગાડીઓના સતત એકધારા વાગી રહેલા હોર્નને પણ અવગણી ઝરણા આજે ધસમસતા પૂર સમાન આગળ વધી રહી હતી. રાત્રિનાં અંધારામાં યુવાન સ્ત્રીને આ રીતે જોતાં જ ડૉ. અંજલિએ કારને બ્રેકમારી થોભાવી. ઝરણાનો હાથ પકડીને બળજબરી પૂર્વક ખેંચી ત્યારે ઝરણા ભાનમાં આવી.

અંજલિને પરિસ્થિતિ પામતાં જરાવાર લાગી. ઝરણાના ચહેરા પરનાં વિષાદ અને મૂંઝવણને પિછાણી તેની મદદ કરવાના હેતુસર પોતાની જ કારમાં બેસાડી શહેર તરફ રવાના થઈ. ઘેર પહોંચતાં જ ઝરણાના ભીતરનાં વલોપાતને ઢંઢોળવા તેના માથે અને પીઠ ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો કે ઝરણાના મન પર બાંધેલો બંધ તૂટી પડયોને તે અંજલિના ખોળામાં મન ભરીને રડી.

અંજલિને ક્યાં ખબર હતી, અજાણ્યે અપાયેલો ખોળાનો આશરો તેના પર જ વજ્રસમાન નિવડશે ઝરણાનાં ડૂસકાં હજૂ પણ ચાલુ હતાં તેણે સઘળી હકીકત જણાવી.

ઝરણાની હકીકત સાંભળતાં જ અંજલિના પગની નીચેથી જમીન સરકી ગઈ. આ શું બની ગયું. પોતાનો ભાવિ પતિ આશુતોષ કે જેને તે અનહદ ચાહતી હતી તે જ આ ઝરણાના ભાવિ સંતાનનો પિતા...! પોતાનાં હૃદય પર આવી પડેલી અપાર વેદના ને ઈશ્વરે ઝરણા સાથે તેનું કરાવેલું મિલન...! શા માટે તેણે આ અમલી યુવતીની મદદ કરી...? શા માટે આમ હૃદયની પારાવાર વેદનાને અસહ્ય બનેલી પીડાએ જાણે બે સ્ત્રીનાં હૈયા સમાન બની બેઠાં. પરાણે આંખમાંથી વહી રહેલાં અશ્રુજળને તે ક્યાં જઈને વહેવડાવે ?

પોતાના મનનાં માનેલ આશુતોષને સાથે જીવન વિતાવવાનાં શમણાં તો તેની આંખોએ પહેલાં જોયાં હતા. અરે રે તેના જ પ્રેમને ઈશ્વરે શીદને અવગણ્યો ? તેનાં શમણાં પર જ જાણે આ કેવી વિટંબણા આવી પડી પ્રેમ સભર તેના હૈયાએ તો પ્રેમના આ સ્વાદને પણ માણ્યો નહિ ને તે પહેલાં જ... ?

અંજલિને મન આજે એક તરફ એક સ્ત્રીનો અધિકાર અને બીજી તરફ તેનો ખુદનો પ્રેમ મનનાં આ ઘમાસાણ યુધ્ધમાં તો ઈચ્છેતો જરૂરથી જીતી જ શકે તેમ હતી. તેના પોતાનાં પ્રેમને અકબંધ રાખીને પોતાના સુરક્ષિત ભવિષ્ય માટે તે ઝરણાને કાયમી દૂર કરી પોતાના જ પ્રેમને જિતાડી શકે તેટલી ક્ષમતા તો ડો. અંજલિમાં હતી જ. પણ બીજી તરફ આશુતોષ દ્વારા કરાયેલા કૃત્યને તે માફ કરી એક સ્ત્રી થઈને અન્ય સ્ત્રીનું અપમાન કરે તેટલી નિર્દયી તો નજ હતી. છતાં પોતાના પ્રેમને આરીતે ગુમાવવો તેના માટે સરળ નહિં સહ્ય પણ નહોતો.

સાચા પ્રેમની પીડાતો તેણે પણ અનુભવી હતી તો શા માટે તે આ પ્રેમથી વંચિત રહે ? વિટંબણા, મૂંઝવણ પીડા એ વલોપાતના વમળ વચ્ચે અચાનક જ તે મકકમ નિર્ધાર સાથે બળપૂર્વક ઝરણાનો હાથ પકડીને તેને પોતાની સાથે લઈ ચાલી. ડો. આશુતોષના ઘરભણી...! મનમાંથી આશુતોષના પ્રેમને ખંખેરી એક ગુનો થતાં પહેલાંજ પોતાની જાતને અટકાવી માનસિક બોજમાંથી

કાયમ મુક્ત થવા... ! એક સ્ત્રી તેનો પ્રેમ, હક અપાવી પોતાનું સ્ત્રીત્વ જાળવવા પ્રેમના ગૂઢાર્થને જાણી, પચાવી સ્ત્રી તરીકેના તેના જન્મને ગૌરવ અપાવતી એક સ્ત્રીનું માન સન્માન જાળવવા ચાલી નીકળી અંજલિ આશુતોષના ઘર તરફ !

યોગ્ય દિશા તરફ અંજલિએ આજે પોતાના નામના અર્થને સાચા અર્થમાં જાળવી સ્ત્રી તરીકેના તેના જન્મને બિરદાવવા સ્ત્રીત્વનું માન જાળવવા આપી ગૌરવભેર પોતાનાં જ પ્રેમની અંજલિ... ! એક સાચા પ્રેમની સાચી સમજની સાચી શ્રદ્ધાંજલી... !

**- રાજેષ કડકીઆ (યુ.એસ.એ)**

**લખ્યા તારીખ ૨૬ જાન્યુઆરી ૨૦૧૦ પ્રજાસત્તાક દિન.**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

## શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યાનમાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ મે મહિનમાં રાખવામાં આવેલ છે. જેની તારીખ તથા વહેંચાણની વિગત આવતા મહિના (એપ્રિલ)ના જ્યોતિપુંજના અંકમાં આપવામાં આવશે. તેની નોંધ લેશો.

**– મંત્રી – મંજુલ ધારીઆ**

**સંયોજક – દીક્ષિત પરીખ**

# શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર

શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટર દ્વારા તા. ૨૭-૧-૨૦૧૦ના રોજ થી તા. ૨૭-૨-૨૦૧૦ દરમિયાન અમેરિકા સ્થિત ડૉ. નિકુંજભાઈ પરીખના સહયોગથી એક કેન્સર નિદાન કેમ્પ યોજવામાં આવેલ. મહિલાઓ માટે યોજવામાં આવેલ આ કેમ્પમાં શ્રી બાલાસિનોર મેડિકલ સેન્ટરના માનનીય સુપરીન્ટેન્ડેન્ટ ડૉ. અક્ષય સેવક દ્વારા કુલ ૧૦૮ વ્યક્તિની મેમોગ્રાફી, સોનોમેમો, જરૂરી ગાયનેક ચેક-અપ, પેસ્ટસ્મીઅર અને બ્લડ ટેસ્ટ વગેરેનું તબીબી નિદાન કરવામાં આવેલ.

આ કેમ્પમાં સ્ત્રી રોગના નિષ્ણાંત ડૉ. વિજ્યાલક્ષ્મી શર્મા (M.D.) એ એમનો કિંમતી સમય આપી આપણા સમાજની મહિલાઓને સેવા આપી હતી. આપણી જ્ઞાતિના જરૂરિયાતમંદ તમામ દર્દીઓને ભવિષ્યમાં સલાહ-સૂચન અને આ રોગને લગતી દવાઓમાં માર્ગદર્શન આપવાના વડીલોના સૂચનોને ડૉ. અક્ષય સેવકે આવકાર આપ્યો હતો.

આ કેમ્પ દરમિયાન અનેક મિત્રો અને જ્ઞાતીજનોએ વ્યક્તિગત રીતે પ્રત્યક્ષ મળવા આવીને અથવા ટેલિફોન દ્વારા એમનો સંતોષકારક પ્રતિભાવ દર્શાવ્યો હતો. આપણું મેડિકલ સેન્ટર આ બધા શુભેચ્છકોનો અમને માનસિક રૂપે કેમ્પમાં મદદરૂપ થવા બદલ ખૂબ આભારી છે, કારણકે મારી દ્રષ્ટિએ કોઈ પણ તબીબી નિદાન કેમ્પ એટલે અમુક સંસ્થાઓનો દાતાઓની આર્થિક સહાયે અને ડોકટરોની શારીરિક તથા બૌધિક સહાયે ભાગલેનાર વ્યક્તિઓની માથાદીઠ ગણતરી સાથે સમાજમાં આપણો અહંકાર પોષવાનું સાધન નથી.

**એક આદર્શ કેમ્પ એટલે એક એવી યોજનાનું આયોજન કે જેમાં ભાગ લેનાર પ્રત્યેક વ્યક્તિને બની શકે એટલી ઓછામાં ઓછા સમયના ભોગે એમના સ્વાભિમાનને સોહાય એવું વર્તન અને આધુનિક પધ્ધતિથી થયેલ ખૂબજ સ્પષ્ટ અને સાચુ તબીબી નિદાન.**

આપણા આ કેન્સર નિવારણ કેમ્પને સફળ બનાવવામાં પ્રમુખશ્રી યોગેશભાઈ ધારીયા, મંત્રીશ્રી દક્ષેશભાઈ કડકીયા તથા વડીલ શ્રી પી.કે.શાહ સાથેની સમય પર મિટીંગ તથા એમના સલાહ સૂચનાોનો એક અમૂલ્ય ફાળો રહ્યો હતો.

## રિપોર્ટ બાબતે

આ કેમ્પમાં ભાગ લીધેલ જે વ્યક્તિ એમના મેડિ રિપોર્ટસ લઈ જઈ શક્યા નથી તેઓને એમના રિપોર્ટસ તથા રજિસ્ટ્રેશનના વ્યક્તિદીઠ રૂા. ૧૫૦ સવારે ૧૦ થી સાંજે ૭ દરમિયાન લઈ જવા વિનંતી છે. સ્થળ :- ડૉ. અક્ષય સેવક ગીતા A બિલ્ડીંગ, ૨જે માળે ગામદેવી મુંબઈ - ૪૦૦૦૦૭. જે જે વ્યક્તિને પ્રગતિસમાજની ઓફિસમાંથી રિપોર્ટ મેળવવાની વધારે અનુકુળતા હોય તેઓને ફોન દ્વારા અમને જણાવવા વિનંતી.

## -: અગત્યની સૂચના :-

જે જે મહિલાવર્ગે આ જાન્યુઆરી ૨૦૧૦ના કેમ્પમાં મેમોગ્રાફીનું તબીબી નિદાન કરાવ્યું હોય તેઓને જાન્યુઆરી ૨૦૧૧ સુધી મેમોગ્રાફી રિપોર્ટ ફરી ન કરાવવા ખાસ સૂચન. ૪૦ વર્ષ ની ઉંમર પછી મહિલાઓએ મેમોગ્રાફી ટેસ્ટ વર્ષમાં માત્ર એકવાર કરાવવો અત્યંત જરૂરી છે. ૩૫ થી ૪૦ વર્ષની મહિલાઓએ વર્ષે એકવાર સોનો-મેમો ગ્રાફી કરી નિશ્ચિત અને સ્વસ્થ રહેવું હિતાવહ છે.

**- કીન્નરી સેવક**

**Hom. Admn. For VONM**

# BALASINOR MEDICAL ASSOCIATION

## Report of the 2nd Meeting

2nd meeting of the members with the spouse was held on 14th February at Hotel Aura, Borivali. 48 members attended the meeting

It started exactly at 12.00 noon with introduction of the new members and the non-medical spouse. President Dr. Kirit Mody, Vice presidents Dr. Rajat Mody and Dr. Nilesh shah addressed the gathering. Stress was laid on serving our community by

- organizing medical camps with proper follow-up under the management of our doctors
- conducting community medical surveys
- arranging lectures in the medical field.

Dr. Kaushik Shah suggested that initially we should start with our bulletin with medical survey forms. Dr. Ashish Mody has volunteered to publish the first issue before Diwali. Dr. Jayesh Desai suggested arranging a lecture for kidney diseases and blood pressure to coincide with World Kidney Day.

Since today's meeting coincided with Valentine day, Rose flowers and fragrant Stamps were gifted to all the female members. Meeting ended with a tasty lunch and lot of thanks to Dr. Rajat Mody for such elaborate arrangements.

**Dr. Rajesh Parikh - Dr. Akshay Sevak**
**Secretary - BMA**

# અહેવાલ

બાલાસિનોર અસોશીયેશન ઓફ શીકાગોવાસીઓનાં દિવાળીનું સ્નેહ સંમેલન ગત્ શુક્રવાર દિનાંક ૧૦-૩-૨૦૦૯નાં રોજ સેફરોન વેસ્ટમોન્ટખાતે યોજવામાં આવ્યું હતું.

જેમાં નાના મોટા સહુ મળીને લગભગ ૪૬ વ્યક્તિઓએ હાજરી પૂરાવી હતી. પ્રથમ સર્વેને હાઉસી (BINGO) ની રમત રમાડવામાં આવી હતી. જેમાં સહુ ઉપસ્થીત વ્યક્તિઓએ આનંદ પૂર્વક ભાગ લઈ રમતની સંપૂર્ણ મજામાણી હતી.

ત્યારબાદ લગભગ ૯.૩૦ કલાકે બુફે ડીનરને ન્યાય અપાયો હતો. તે દરમ્યાન શ્રી રાજેષભાઈ કડકીઆ તરફથી ઉપસ્થીત સર્વે ભાઈ બહેનો ને દાનની અપીલ કરતાં ફૂલ નહીં તો ફુલની પાંખડી સ્વરૂપ નાનો અમથો ફાળો ભેગો કરાયો હતો જે બાલાસિનોર ખાતે 'વેરાસા શાળા' માટે શ્રી નવીનભાઈ શાહ (ઝાટ) ને મોકલાવાની વ્યવસ્થા કરાઈ હતી.

અંતમાં શિતલબેન તથા માલાબેન મોદી વતી શ્રી મયુરભાઈએ આભાર માન્યો હતો એ આ સમારંભને સફળતા અપાવવા બદલ દરેકને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**– સંકલન રાજેષ કડકીઆ (યુ.એસ.એ)**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત
## વસ્ત્રીપત્રક ૧૦મી આવૃતીનું વિતરણ

વસ્તીપત્રકની ૧૦મી આવૃતીનું વિતરણ ફક્ત મંડળની ઓફિસમાંથી ૪ થી ૮ દરમ્યાન મળશે. કુટુંબ દીઠ મેમ્બરને ૧ વસ્તીપત્રક મળશે.

| પ્રમુખ | મંત્રી | સંયોજક |
|---|---|---|
| શિરિષ પરીખ | મંજુલ ધારીયા | જસ્મીન શેઠ |

# SHREE BALASINOR NAVYUVAK SANGH.
# SHREE B.N.S. LALKHA CRICKET TOURNAMENT 2009-10.

## SHREE BALASINOR NAVYUVAK SANGH CRICKET TIGERS WON LALKHA SERIES IN BALASINOR: 3-1.

Balasinor cricket tour was organized in balasinor from 28th January to 31st January 2010.

**DONOR OF B.N.S. LALKHA TROPHY: SHRI DILIP DHARIA [LALKHA]**

**TIGERS of B.N.S. LALKHA TROPHY 2009-10.**
KINJAL PARIKH [CAPT] / NIRAV DESAI [V.CAPT] / SANDEEP DHARIA / SAMIR.R.DESAI / SHITEN KADAKIA / ANAND SHROFF / NIHAR KADAKIA / SHAMIK SHAH / APURV DHARIA / JIGAR PARIKH / RIKIT MODY / CHIRAG DESAI / ASHWIN KARKERA / RIPAL PARIKH.

**B.N.S. CRICKET COMMITTEE FOR LALKHA TROPHY 2009-2010.**
KINJAL PARIKH [Convener] / Shri MITESH DHARIA [Manager] / Shri NITIN PARIKH [Advisor] / Committee Members: Shri SAMIR DHARIA / CHIRAG PARIKH / CHINTAK PARIKH / NIHAR KADAKIA / NIRAV DESAI.

Congratulations to B.N.S. Lalkha cricket team for winning the series consecutive for the 2nd year. Series won : 3-1. Every captain has a dream to win the tournament & I thank my entire team who supported me & played the tournament in true spirit & helped B.N.S. in winning the series: 3-1.

On behalf of BNS, Cricket Committee I would like to thank the following:

**SPECIAL THANKS TO:**

1] Shree Balasinor Navyuvak Sangh Trustee's: Shri RAJENDRA.K.DESAI & Shri YOGESH.R.DHARIA for their best wishes & support to the B.N.S. Lalkha cricket team & committee members.
2] Shri DILIP DHARIA [LALKHA]: for his kind donation for the B.N.S. Lalkha trophy. Shri Dilip Dharia [Lalkha] visited the practice session on 13th January 2010 morning at Islam gymkhana & wished the team good luck for the forthcoming series in balasinor. Shri Dilip Dharia [Lalkha] named B.N.S. cricket team : "TIGERS". Shri Dilip Dharia [Lalkha] had hosted a party on 29th January 2010 at Nawab Saheb Garden | Palace Restaurant at Balasinor where all the palyers , committee members & guests were invited. Shri Dilp Dharia [Lalkha] sponsored cash prizes to: Kinjal Parikh / Rikit Mody & Jigar parikh for their all round performances in the tournament.
3] Shri SHIRISH.J.PARIKH [B.N.S. PRESIDENT] / Shri MANJUL.S.DHARIA [B.N.S. SECRETARY] & managing committee of Balasinor Navyuvak Sangh, for keeping faith in me by way of appointing me as the Convener of cricket samiti [2009-10]. B.N.S. President & Secretary presence during the BNS Lalkha trophy at balasinor gave a support & motivation to our team & committee members.
4] Shri MITESH DHARIA [Manager] & Shri NITIN PARIKH [Advisor]: for giving their kind support & guidance, both on the field & off the field throughout the tournament.
5] BNS cricket Committee members: Shri Samir Dharia / Chirag Parikh & Chintak Parikh for lending a whole hearted support & services in carrying out the assigned task in a peaceful manner.

6] Shri DAXESH KADAKIA & Shri MINISH KADAKIA: for their kind support in preparing the Jansathi cricket ground at balasinor for BNS Lalkha trophy 2009-10. As the ground conditions were really in bad shape & unplayable, but with the help & contacts with Shri SANDEEP SONI at balasinor, Shri DAXESH KADAKIA & Shri MINISH KADAKIA made it possible. On behalf of Balasinor Navyuvak Sangh I amhighly oblidged to them.

7] Shri SAMIR.R.DESAI: for sponsoring 2 pairs of cricket clothes to all the 14 players in the squad & announced the same sponsorship for the BNS cricket team for the next year. Shri SAMIR.R.DESAI for sponsoring cash prize to Rikit Mody for his outstanding performance in the 4th match against Patel team.

8] Shri SANDEEP SONI & NAGARPALIKA at balasinor for their generous support & help for preparing Jansathi cricket ground for BNS Lalkha cricket team. Without their support & help this event of cricket was next to impossible.

9] SHAMIK SHAH: What a player? I salute him for his dedication & commitment towards BNS cricket. I specially thank his family, wife for supporting him & understanding the importance of his presence for BNS Lalkha tournament 2009-2010 at balasinor. Shamik Shah took 8 wkts in this series & with this he Completed his 50 wkts haul in BNS Lalkha cricket career. Bowling Analysis: 18.1-1-83-8.

10] Shri CHINTAK.P.PARIKH: Announced a party for the winning team in Mumbai & to boost the morale of the team.

11] Shri JAGDISH.S.PARIKH [BNS Comm.member] who spared time & came all the way to balasinor to cheer the team.

11] Sponsors of Cash Prizes to Rikit Mody for his outstanding performance in the 4th match at balasinor. KINJAL PARIKH [BNS Convener & Captain] / Shri SAMIR DHARIA [BNS cricket committee member] /

12] Former Cricket Convener: Shri RUPIN KADAKIA for sparing time from his busy schedule and coming all the way to balasinor to support the BNS committee & team.

13] Chirag Parikh: for organizing a night match for players, guests & kids on 30th January 2010 at balasinor. Its was great fun to play. All participated in this night match. Match was played for enjoyment, for all the guest present.

**PERFORMACES during the BNS Lalkha tournament:**

1st match: BNS v/s SARVODAYA  Man of the match: SHITEN KADAKIA [scored 50 runs in 61 balls]. 3*4's / 1*6's.
2nd match: BNS v/s BABI  Man of the match: SHAMIK SHAH [took 4 wkts / Analysis: 6-1-19-4 [Econ: 3.16].
3rd match BNS v/s VULCAN  Best Batsman: ANAND SHROFF [scored 27 runs in 61 balls]. 1*4's.
4th match BNS v/s PATEL  Man of the match: RIKIT MODY [scored 98* in 69 balls]. 6*4's / 3*6's.

Best Batsman of the series: KINJAL PARIKH [scored 88 runs in the tournament. Avg: 22 runs].
Best Bowler & Man of the series: JIGAR PARIKH [took 12 wkts in the series / Analysis: 31-5-134-12 [Econ: 4.32].
And last but not the least, thanks to all those present during the tournament at balasinor to watch live cricket action & supported our team. Special thanks to all the ladies & kids who spared time & came all the way to balasinor to support our team.
I KINJAL PARIKH [Convener & Captain] of BNS Lalkha trophy give entire credit to my team players & committee members for their great support which helped me in winning this trophy.
I wish as a team we will continue to show the same performance in the years to come & expect to receive the same kind of blessings & support from Trustee's, Donors, Managing Committee & Members of our community.
Thanking you,

**KINJAL PARIKH**
**[BNS Cricket Convener]**

**Shri MANJUL DHARIA**
**[BNS SECRETARY]**

## બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત

# લગ્ન જીવન સમિતિ (મેરેજ બ્યુરો) દ્વારા આયોજીત 'મેળાવડો'

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની લગ્ન જીવન સમિતિ (મેરેજ બ્યુરો) દ્વારા લગ્ન વાંછુક યુવક યુવતીનો એક મેળાવડો તા. ૨૧મી માર્ચના રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) સભાગૃહ-પ્રગતિ સમાજની ઓફિસે, બાબુગેનુ રોડ, મુંબઈ ખાતે યોજવામાં આવશે.

આ મેળાવડામાં હાજર રહી યોગ્ય સાથીને શોધવાનો તથા મેળવાનો મોકો મળશે. મેરેજ બ્યુરોમાં નામ મોકલનાર યુવક યુવતીઓ ઉપરાંત જે યુવક/યુવતીઓને આ મેળાવડામાં હાજર રહેવું હોય તે નીચે મુજબની સમિતિમાંથી કોઈ એક બેનનો સંપર્ક કરીને નામ નોંધાવી શકશે.

યુવક/યુવતી દીઠ ફક્ત એક જ વડીલ આ મેળાવડામાં હાજરી આપી શકશે. વિદેશમાં વસતા યુવક/ યુવતીના માતા-પિતા પણ આવી શકે છે.

આ મેળાવડાનો મુખ્ય હેતુ યોગ્ય જીવન સાથીની પસંદગીનો છે. યુવક-યુવતીઓ એકબીજાને જોઈ મળી શકે અને વાચતીત દ્વારા એકબીજાને ઓળખી શકે એ જ આ મેળાવડાનો હેતુ છે. જરૂર જણાશે તો યુવક-યુવતીની મીટીંગ પણ ગોઠવી આપવામાં આવશે.

## લગ્ન જીવન સમિતિ મેરેજ બ્યુરો સમિતિ)

| | | |
|---|---|---|
| સંગીતા નિખિલ પરીખ (લાય) | ૨૩૮૨૨૫૧૦ | ૯૯૬૯૫૫૨૮૩૪ |
| મોહનલાલ ચુનીલાલ પરીખ (લાય) | ૨૩૮૫૬૨૪૯/૨૩૪૨૩૫૩૪ | ૯૮૩૩૨૮૮૨૧૪ |
| સુરેખાબેન શરદભાઈ કડકીઆ (ટોકરશી) | ૩૬૧૭૭૪૦/ ૨૨૯૪૭૫૫૪ | |
| મીનાબેન પ્રબોધભાઈ દોશી (બોરીવલી વિભાગ) | ૨૮૩૩૩૨૮૮ | ૯૩૨૨૦૪૪૪૩૨ |
| સોનલબેન વસંતભાઈ દેસાઈ (કાંદિવલી વિભાગ) | ૨૮૬૩૮૨૬૮ | ૯૮૨૧૫૪૩૨૯૭ |
| પ્રીતીબેન પ્રકાશભાઈ પરીખ (મલાડ વિભાગ) | ૨૮૮૩૧૬૩૪ | ૯૨૨૪૨૮૬૬૦૮ |
| સ્મિતાબેન પંકજભાઈ પરીખ (અંધેરી વિભાગ) | ૨૬૨૮૫૨૨૫ | ૯૮૨૦૧૦૫૬૩૪ |
| ચંદ્રલેખાબેન સુરેન્દ્રભાઈ દેસાઈ (પાર્લા વિભાગ) | ૨૬૧૧૬૭૦૩ | ૯૦૦૪૦૩૩૨૦૦ |
| અશ્રિાબેન અનિલભાઈ દેસાઈ (મેનપૂરાવાળા) (ખ્રદર-વાંદ્રા વિભાગ) | ૨૪૩૦૮૦૦૩ | ૯૮૩૩૯૯૬૫૧૯ |
| નીશાબેન જતિનભાઈ દેસાઈ (મુંબઈ વિભાગ) | ૨૩૮૦૪૨૯૨ | ૯૮૩૩૧૪૯૧૩૪ |
| રીટાબેન મુકેશભાઈ ગાંધી (મુંબઈ વિભાગ) | ૨૪૯૪૩૯૮૪/૨૩૫૨૬૯૧૩ | ૯૯૨૦૧૦૫૬૩૪ |
| મીરાબેન રવિતેજભાઈ કાપડિયા (મુંબઈ વિભાગ) | ૨૩૮૪૧૧૮૩ | ૯૮૨૧૧૬૬૪૫૫ |

**લગ્ન જીવન સમિતિ વતી – સંગીતા નિખિલ પરીખ (લાય)**

**પ્રમુખ – પંકજ ધારીઆ (લાલખાં), મંત્રી – નિમીષ કડકીઆ (મલમ), દક્ષેશ કડકીઆ (લટકારી)**

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળનો બાલાસિનોરમાં ઉત્સાહ - ઉમંગથી ઉજવાયો હીરક જયંતી પર્વ ઉત્સવ અને પારિતોષિકોનું વિતરણ

૨૪ ફેબ્રુઆરી-બુધવારના દિવસે સવારે ૧૦ વાગે, લાયન્સ કોમ્યુનિટી સેન્ટર, બાલાસિનોરમાં કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ કલકત્તાવાળાના આગમન સાથે જ ૧૦.૧૫ કલાકે, આયોજિત હીરક જયંતી પર્વની ઉજવણીનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો.

શ્રી મણીકાન્ત કડકીઆએ સ્વાગત કરતાં ઉપસ્થિત સૌ શ્રોતાજનોને મંડળના આ કાર્યક્રમમાં આવકાર આપતાં ૬૦ વર્ષ પૂરા કર્યા અંગે આનંદ વ્યક્ત કર્યો. ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શાળા ધો. ૧ થી ૪ શરૂ કર્યાની ઉપલબ્ધિ વર્ણવતાં તે માટે શાળા સમિતિના મંત્રી શ્રી રમણભાઈ પટેલે ઉઠાવેલી જહેમત બદલ ધન્યવાદ આપ્યા. આ પ્રસંગે શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહે અતિથિ વિશેષ તરીકે હાજર રહેવા આપેલ સંમતિ માટે આભાર વ્યક્ત કરતાં તેમનો પરિચય સૌ શ્રોતાજનોને કરાવ્યો.

જે.વી.ની ધોરણ ૩ ની બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજુ કર્યા બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

આ કાર્યક્રમનું અધ્યક્ષપદ મંડળના પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈએ સંભાળ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમની પૂર્વે શ્રી કમળા બાલ મંદિરના બાળકોની વેશભૂષા હરીફાઈનાં ઈનામ પ્રાપ્ત બાળકોને રજૂ કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત અભિનય ગીતથી થઈ અને ડાન્સ, ગરબા, રાસ વગેરેથી સૌ પ્રેક્ષકો આનંદ વિભોર થઈ ગયા. આ કાર્યક્રમમાં જે.વી. દેસાઈ, પી.વી. વિદ્યાલય અને ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલનાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓએ ઉલટભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હતું. ભટ્ટ ધબ્ની આર.નું કૃષ્ણ નૃત્ય સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું.

કાર્યક્રમની પૂર્ણાહુતિ પૂર્વે અતિથિવિશેષ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ કલકત્તાવાળાનું પ્રવચન શાળા સમિતિના ચેરમેન શ્રી મણીકાન્ત કડકીઆએ વાંચી સંભળાવ્યું. જેમાં તેમણે કહ્યું સાંસ્કૃતિક કાર્યક્રમ આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. આપણે ત્યાં આવા ઉત્સવોનું મહત્વ રહ્યું છે. જીવનમાં ઉભા થતા ટેન્શનને હળવા કરવાનું કામ આવા કાર્યક્રમ દ્વારા થાય છે. પારિતોષિકો વિદ્યાર્થીઓને પ્રોત્સાહિક કરવાનું પ્રેરક બળ છે. ૬૦ વર્ષની સંસ્થા નવયૌવના જેવી ચેતનવંતી બનતી હોય છે. એનો યશ સંસ્થાના સંનિષ્ઠ કાર્યકરોને જાય છે. આ પ્રસંગે પ્રાથમિક શાળા માટે દાન આપનાર ઉદાર દિલ દાતાના કુટુંબીજનોને અભિનંદન આપું છું.

અધ્યક્ષપદેથી શ્રી પ્રવીણ દેસાઈએ શિક્ષણએ માનવીનો રાજ્યબંધારણે બક્ષેલો મૂળભૂત હક્ક હોવાનું જણાવયું. આજદિન સુધીમાં આપણી ચારેય શાળાઓ પાછળ આપણે રૂપિયા ઓગણપચાસ લાખ કરતાં વધુ ખર્ચ કર્યો છે. ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ પ્રાથમિક શાળા (ધો. ૧ થી ૪) ના નામકરણ માટે એમના કુટુંબના ભાઈ બહેનોએ ફાળવેલી માતબર રકમ માટે ધન્યવાદ આપતાં આભારના લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ન્યાસફંડના પારિતોષિકોની પ્રતિક વહેંચણી કરવામાં આવી, જે હીરક જયંતી પર્વ માટે યોજવામાં આવેલ નિબંધ તેમજ વકતૃત્વ સ્પર્ધાનાં ઈનામ વિજેતા હરીફોને અતિથિવિશેષ, પ્રમુખશ્રી ચેરમેનશ્રી અને મંડળના મંત્રીઓ તથા ખજાનચીના હસ્તે ઈનામો મંડળ દ્વારા આપવામાં આવ્યાં.

ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને મંડળ દ્વારા પુરસ્કાર આપવાની પ્રમુખશ્રીએ જાહેરાત કરી હતી. આ

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળને પ્રાથમિક શાળાના નામકરણ માટે મળેલું ઉમદા દાન

**તમે કરી છે અમીવર્ષા, અમે કરીશું ખેડ,**
**નગરી બાલાસિનોર પર, હજો સરસ્વતીની મહેર.**

તા. ૫.૨.૨૦૧૦ના દિને બાલાસિનોરથી મુંબઈ આવી રહ્યો હતો ત્યારે ટ્રેઈનમાં જ મંત્રી શ્રી જતીન દેસાઈનો ફોન આવ્યો કહ્યું, કાકા હમણાં જ પ્રવીણભાઈ ઓ. દેસાઈ દેડકી સાથેની મીટીંગમાંથી બહાર આવી તમને ફોન કર્યો છે. મારી સાથે શ્રી મનહરભાઈ સી. કડકીઆ અને શ્રી રસિકભાઈ આર. કડકીઆ પણ હતા. એક ખુશ ખબર છે. જેની આપણને પ્રતીક્ષા હતી તે, પ્રાથમિક શાળાના નામકરણ માટે રૂપિયા પચીસ લાખનું દાન ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી)ની સ્મૃતિમાં મંડળને મળવાનું છે. હું ઉમંગ, હર્ષ અને આનંદથી ઉછળી પડયો. ફળસ્વરૂપ સૌ પહેલો જે પ્રતિભાવ મારા મનમાં સ્ફુર્યો તે ઉપર લખેલી કાવ્ય પંક્તિઓમાં વ્યક્ત થયો છે.

દાતા માટે, એમના પરિવાર માટે કયા શબ્દોમાં આભારની લાગણી વ્યક્ત કરવી તેની મૂંઝવણ થઈ. પરંતુ આજે અહીં તેઓ પ્રત્યે મંડળ તેના કાર્યકરો અને બાલાસિનોરની સમગ્ર સમાજ તરફથી આભાર માનતાં મારી આંખોમાં હર્ષાશ્રુઓનું પૂર ઉમટી રહ્યું છે.

આભાર, પ્રવીણભાઈ તમારા - તમારા સમગ્ર પરિવારનો, કેળવણી પ્રત્યેની તમારી આવી બેમિસાલ નિસ્બતનો. મને શ્રધ્ધા છે તમારું આ દાન બાલાસિનોરમાં કેળવણીના કાર્યને વેગ આપવામાં મહત્વનું પ્રદાન કરશે.

તમારા તેમજ કુટુંબીજનોના આવા અભિગમથી અમને ખૂબ જ આનંદ થયો છે.

**આપનો પ્રવિણ દેસાઈ– પ્રમુખ**

માટે નીચે મુજબ પ્રાપ્ત થયેલ રકમમાં મંડળ પોતાનો ફાળો ઉમેરી દરેક ભાગ લેનાર વિદ્યાર્થીને રૂા. ૧૦૦/- જેટલી રકમ આપશે. પ્રાપ્ત રકમ : અતિથિવિશેષ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) રૂા. ૩૦૦૦/-, એક બહેન તરફથી રૂા. ૧૦૦૧/- અને શ્રી રજનીભાઈ એમ. પરીખ તરફથી રૂા. ૫૦૦/-.

આ કાર્યક્રમમાં મકાનના મુખ્ય દાતાના પ્રતિનિધિ તરીકે હાજર શ્રી પ્રવીણભાઈ ઓ. દેસાઈ (દેડકી)નું અને એમના અમેરિકાનિવાસી ભાઈશ્રી શશીકાન્તભાઈનું પુષ્પગુચ્છથી પ્રતિક સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિવિશેષ શ્રી નવીનભાઈનું શાલ ઓઢાડી પ્રમુખશ્રીએ તથા પુષ્પગુચ્છથી શ્રી મણીકાન્ત કડકીઆએ સ્વાગત કર્યું હતું. મુંબઈથી મંડળના મંત્રીશ્રી જતીન દેસાઈ અને ખજાનચી શ્રી હિતેશ પરીખે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. હેડ રશ્મિકાંત પંડયાની આગેવાની નીચે શાળાના એન.સી.સી. કેડેટસે ૨૦ જેટલી સંખ્યામાં હાજર રહી પ્રસંગની શાનમાં વધારો કર્યો.

કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૫૨-બાવન જેટલી હતી.

આભાર દર્શન મંત્રી શ્રી પ્રો. ચંદ્રકાન્ત સી. દેસાઈએ કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ અને સફળ સંચાલન પી. વી. વિદ્યાલયના શિક્ષક શ્રી જીતુભાઈ પટેલે કર્યું. ધન્યાવાદ.

આ પ્રસંગની લાઈવ વિડિયોગ્રાફી કરવામાં આવી. જેનું પ્રસારણ કેબલ દ્વારા કરવામાં આવ્યું હતું.

મુંબઈમાં વસતા બાલાસિનોરવાસીઓએ તથા સ્થાનિક નગરજનો, આમંત્રિત મહેમાનો, શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરેની હાજરીથી લાયન્સનો ઓપન એર હોલ હકડેઠઠ ભરાઈ ગયો હતો. સૌનો આભાર.

હાજર તમામ પ્રેક્ષકો વિદ્યાર્થીઓ અને બાળકોએ આઈસક્રીમને ન્યાય આપતાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ
## હીરક પર્વ (૬૦ વર્ષ) પ્રસંગે જાહેર થયેલા દાન માટેના વચનોની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પરિવાર | રૂા. | ૨૫,૦૦,૦૦૦/- | સ્કુલના નામ માટે |
| ૨. | શ્રીમતી શાંતાબેન કંચનલાલ છો. ગાંધી (સુરતી) | રૂા. | ૨,૫૦,૦૦૦/- | વીંગના નામ માટે |
| ૩. | કલાબેન કાંતીલાલ ધારીઆ (અમદાવાદ) | રૂા. | ૨,૫૦,૦૦૦/- | વીંગના નામ માટે |
| ૪. | પૂર્ણિમાબેન શશીકાંત ધારીઆ ચે. ટ્રસ્ટ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૫. | રાહુલ શ્રીકાંત ધારીઆ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૬. | વ્રજેશ તથા જતીન નવનીતલાલ દેસાઈ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૭. | નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૮. | સ્મીતા અરવિંદ પરીખ (દુધળાળા) તથા મીનાક્ષી રાજેન્દ્ર દેસાઈ (માટલી) | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૯. | પ્રકાશ મંગળદાસ ધારીઆ (લાટવાળા) | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૧૦. | એક દાનવીર સદગૃહસ્થ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૧૧. | તારાબેન રતીલાલ વ. પરીખ- હ.: સુરેન્દ્રભાઈ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૧૨. | જીવકોરબેન ચીમનલાલ પરીખ (રાઠોડીયા) હ.: દીનેશભાઈ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | રૂમના નામ માટે |
| ૧૩. | એક દાનવીર સદગૃહસ્થ | રૂા. | ૨,૫૦,૦૦૦/- | ભંડોળ માટે |
| ૧૪. | પુનમચંદ ભીખાલાલ પરીખ (અઘોળી) | રૂા. | ૫,૦૦,૦૦૦/- | વારીગૃહ માટે |
| ૧૫. | અશોક કાંતીલાલ પરીખ (તાતીયા) | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| ૧૬. | નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| ૧૭. | એક દાનવીર સદગૃહસ્થ | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| ૧૮. | તારાબેન રતીલાલ પરીખ હ:સુરેન્દ્રભાઈ | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| ૧૯. | પ્રકાશ મંગળદાસ ધારીઆ (માટલી) | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| ૨૦. | સુષ્મા પ્રવીણ સાંકરલાલ દેસાઈ | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| ૨૧. | મીતાબેન ડૉ. નિકુંજકુમાર પરીખ | રૂા. | ૧,૦૦,૦૦૦/- | રૂમ સાધન માટે દાન |
| | | **કુલ્લે** | **૬૭,૦૦,૦૦૦/-** | |

**આ ઉપરાંત નીચે મુજબના અન્ય દાન :-**

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૦૦૦.૦૦ | રજનીકાંત ઓ. શાહ (ઠાસરાવાળા) |
| ૨. | ૧૧૦૦૦.૦૦ | મણીકાંત છો. કડકીઆ (બાલાસિનોર) |
| ૩. | ૧૧૦૦૦.૦૦ | સુષમા પ્રવીણ દેસાઈ |
| ૪. | ૧૧૦૦૦.૦૦ | વ્રજબાળાબહેન હરીવદન ધારીઆ |
| ૫. | ૧૨૦૦૦.૦૦ | લાયન્સ કલ્બ ઓફ ધોબીતલાવ |

**– પ્રમુખ – શ્રી પ્રવિણ સા. દેસાઈ**

## જીવન સાધક

એ સામાન્ય નાગરિક છે. મારા અને તમારા જેવો.
સુસુંગત થવાનો પ્રયત્ન નથી કરતો
વિરોધીભાષ વચ્ચે ચેનથી જીવે છે
પ્રેમ આપે છે - પ્રેમ પામે છે.
જીવન દૃષ્ટિ લક્ષ ઉપર મને મૃદુ છે.
અગત્યના નિર્ણયો વિચારપૂર્વક ચકાસીને લે છે
સત્યનો આગ્રહી છે
હારને ખેલદીલીથી અપનાવે છે
જીતનો ઉત્સવ માણે છે
માન અપમાનથી પર છે
એકાંત પ્રિય છે
શંકાને સ્થાન નથી
શ્રધ્ધાના ખાતરથી સિંચાય છે.
અન્યની વેદના સમજી સન્માને છે
માસિક અને હકારાત્મક છે
ધાર્મિક નહી આધ્યાત્મિક છે
ટીકા, ટિપ્પણને અવગણે છે.
ભૂલોનો એકરાર કરી સુધારે છે
ક્ષણમાં જીવે છે
ભૂતકાળ નહી, ભવિષ્યકાળ પર મદાર રાખતો નથી
આજ, અત્યારે અને અહીંમા માને છે
સજાગ છે - સહજ છે
અન્યાય સામે આંખમિચાણા કરતો નથી
ભરોસા પાત્ર છે.
સ્વની મર્યાદા જાણે છે
હિંમત અને અભય તેના કવચ છે
જીવન સાધક થવું ખૂબ સરળ છે.

**– પ્રવિણા કડકીઆ** (U.S,.A.)

## મુક્તકો

પામવાને પરમને છે, માનવી જુઓ મથી રહ્યો,
માનવીને માપવાને, પરમ પણ છે મથી રહ્યો,
યુગોથી ભટકી રહ્યો છે, વિશ્વમાં તે આશથી,
એક તો મળશે કદિ માનવ, તેના માપદંડનો.

વર્ષાઋતુમાં વારિ થઈ, વરસી જશું અમે,
પાનખરમાં પર્ણ થઈ, પડશુ ખરી અમે,
થઈ ગયું શું ? આપને પરેશાન કરીએ તો,
અણસાર પણ આપ્યા વિના, ચાલ્યા જશુ અમે.

માનવીની જીંદગી ક્ષણ ભંગુર-લહેર સમાન છે,
કણ, પણ ને ક્ષણને જીવનમાં સાચવવાના હોય છે,
વેડફ્યા વિના સાચવી જાણે છે, જે આટલી વાતને,
ઈશપણ પ્રગટી ક્ષણે ક્ષણ સાચવે તે જીવને.

જન્મ પહેલા માનવજીવનની ફિલ્મ ઉતરેલ હોય છે,
તે મુજબ, તેટલુ જ જીવન, તે રીતે જીવવાનું છે,
દૃષ્ટા ભાવે જો જીવે તો, સુખથી જીવન જીવી શકાય,
હોય ભાવ કર્તા તણો તો દુઃખી જીવનભર થાય છે.

પર્યુષણમાં પાસ રહેવાની અપેક્ષા હોય છે,
પાપોનો એકરાર સાચા દિલથી કરવાનો હોય છે,
માંગી માફી, દઈ બીજાને હળવો થઈ હૈયા મહી,
ઉપવાસ-તપથી આત્માની શુધ્ધિ કરવાની હોય છે.

પાડ પરમાત્મા તણો કે મંઝિલો નક્કી થઈ
હાંસલ કરવા દીર્ધાયુને સ્વાસ્થયની બક્ષિશ મળી,
કનક ને કાન્તાના રમકડામાં જીવ જો અટવાયો તો
પરમની પ્રાપ્તિ નહી, ને જીંદગી એળે ગઈ.

**– સતીશચન્દ્ર ભી. પરીખ (રોકડીયા)**

# હેપી વેલેન્ટાઈન

આ....તો... અમેરિકન સ્ટાઈલ
હેપી વેલેન્ટાઈન.....
આપણી જીંદગીની જુઓ ફાઈલ
તમે-તમેજ મારા વેલેન્ટાઈન..
કહું છું. પ્રેમ તો અનુભવવાનો હોય !
અહેસાસ થોડી કરાવવાનો હોય ?
તે છતાંય વ્હેતાં પ્રવાહમાં
હેપી વેલેન્ટાઈન....
આ તો એનેજ માટે...
જે સાથે હોવા છતાંય...
માંડ મળતાં હોય
દિલથી ઓછાં
મનથી વધારે કળતાં હોય
તે છતાંય ચલો કહી જ નાખું
હેપી વેલેન્ટાઈન...
યુ આર માઈન વેલેન્ટાઈન...

**– ઉપેન કડકીઆ 'બાલિશ'**

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– તંત્રી નિખિલ પરીખ – મંત્રી મંજુલ ધારીઆ**

# વાડાસિનોર વર્તમાન

### વર્કશોપ કર્મીઓની મનમાનીથી પ્રજા ત્રસ્ત

બાલાસિનોર એસ.ટી ડેપોના કથળતા જતાં વહીવટથી મુસાફરોમાં રોષની લાગણી ફેલાઈ છે. તેમાંય વર્કશોપમાં વહેલી સવારથી શિફટમાં આવતાં મિકેનીકો એસ.ટી બસોનું રીપેરીંગ કામ સંતોષકારક કરતા નથી. જેથી મુસાફરો અને ડ્રાયવરોને હેરાન થવું પડે છે. આ બાબતે ઉચ્ચ અધિકારીઓ પગલાંભરે તેવી મુસાફરોની માંગણી છે. બાલાસિનોર એસ.ટી. ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી સવારના ૫.૩૦ થી બપોરના ૧.૩૦ની પાળીમાં આવતા મિકેનીકોની કાર્ય પધ્ધતિથી ડ્રાયવરો દ્વિધા અનુભેવ છે. અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાં દોડતી એસ.ટી. બસોની મરામત્ત વહેલી સવારે મિકેનીકો દ્વારા થઈ જવી જોઈએ પરંતુ અધિકારીઓને નહીં ગાંઠતા મિકેનીકો પોતાની મનમાની કરી રહ્યા છે.

### બાલાસિનોર કોલેજ મોખરે

સ્વર્ણિમ ગુજરાતની સપ્તધારા અંતર્ગત નાટયધારામાં બાલાસિનોર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી શેખ આશીક કે. મિમિક્રીમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં ત્રીજા ક્રમે આવીને કોલેજનું ગૌરવ વધાયું છે. આ અગાઉ કપડવંજ, નડિયાદ અને ડભોઈ ખાતે યોજાયેલ સ્પર્ધાઓમાં તેઓ પ્રથમ ક્રમાંકે આવેલ આ ઉપરાંત આ કોલેજની વોલીબોલની ટીમે રાજ્યની ૯૦૦ કોલેજોમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. અગાઉ જિલ્લા અને આંતર કોલેજમાં ટીમ ચેમ્પિયન બની હતી.

### પી.વી. વિદ્યાલયનું ગૌરવ

સમગ્ર ગુજરાત રાજ્યની સંસ્કૃત પરીક્ષામાં પી.વી. વિદ્યાલયની વિદ્યાર્થીની મનીષા ભરતભાઈ પરમારે ૯૪ માર્ક મેળવી પ્રથમ મંબર પ્રાપ્ત કર્યો છે. અભિનંદન

એચ. એસ. સીમાં પારૂલ સેમ્યુઅલભાઈ ચૌહાણે ૯૨ ટકા ગુણ મેળવ્યા છે. અભિનંદન

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં દરવર્ષની જેમ ચાલુવર્ષે ટ્રસ્ટને પ્રોત્સાહિત દાન આપનાર સખાવતી દાતાઓનો સન્માન સમારંભ તા. ૨૨-૨-૨૦૧૦ના રોજ બાલાસિનોર ખાતે હોસ્પિટલ કેમ્પસમાં યોજવામાં આવેલ. આ પ્રસંગે પરમપૂજ્ય પાદ શ્રી ૧૦૮ શ્રી ચતુર્થપીઠ રાજકુમારશ્રી વલ્લભબાવાશ્રી આર્શિવચન આપવા પધારેલા અને આ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે માજીધારાસભ્યશ્રી રાજેશભાઈ પાઠક (પપ્પુભાઈ) તેમજ ઠાસરા વિસ્તારના ધારાસભ્યશ્રી તેમજ અમૂલ ડેરી, આણંદના વર્તમાન ચેરમેનશ્રી રામસિંહ પરમાર ઉપરાંત મુખ્ય મહેમાન તરીકે હાલના આપણા મતવિસ્તારના સંસદસભ્યશ્રી પ્રભાતસિંહજી ચૌહાણ ઉપસ્થિત રહેલા આ પ્રસંગે બાલાસિનોરના વતનપ્રેમી દશાનીમા વણિક જ્ઞાતિના અને હાલ મુંબઈ ધંધાર્થે સ્થાયી થયેલા નીચે મુજબના સખાવતી દાતાશ્રીઓએ ટ્રસ્ટને પ્રોત્સાહક દાનની જાહેરાત કરી હતી. સંસ્થા સદર તમામ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૨૨-૨-૨૦૧૦ના રોજ યોજેલ સન્માન સમારંભમાં નીચેના દાતાશ્રીઓનાં વચન મળેલ છે.

(૧) ડૉ. ચંદ્રવદન જે. દેસાઈ તથા જયવંતીબેન દેસાઈ ફાઉન્ડેશન તરફથી ડીજીટલ એક્ષરે મશીન વસાવવા માટે
રૂા. ૧૦,૦૦,૦૦૦/-

(૨) સંસદસભ્યશ્રી પ્રભાતસિંહજી ચૌહાણની વર્ષ ૨૦૧૦-૧૧ ની ગ્રાન્ટમાંથી.
રૂા. ૫,૦૦,૦૦૦/-

(૩) તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકીઆ (કીડની કેમ્પના નામકરણ માટે )
રૂા. ૨,૫૦,૦૦૦/-

(૪) કમલાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) તરફથી એન્ડોસ્કોપી કેમ્પના નામકરણ માટે
રૂા. ૨,૫૦,૦૦૦/-

(૫) સ્વ. ચંદનબેન ઓચ્છવલાલ મોદી (કારકુન) હસ્તે : સ્મિતા ગિરીશ
રૂા. ૧,૧૧,૧૧૧/-

(૬) તારાબેન ચીમનલાલ પરીખ (જાડા) હ. સુરેન્દ્ર ચીમનલાલ પરીખ
રૂા. ૧,૦૦,૦૦૦/-

(૭) અસીત રસિકલાલ ધારીયા (દલાલ)
રૂા. ૧,૦૦,૦૦૦/-

(૮) સોનલ નિશિથ ધારીઆ (દલાલ)
રૂા. ૧,૦૦,૦૦૦/-

(૯) વિનિત અને ઉર્વિશ રસિકલાલ મોદી (દેવ)
રૂા. ૧,૦૦,૦૦૦/-

(૧૦) સરયુબેન નવનીતલાલ પરીખ (બખલી)
રૂા. ૧,૦૦,૦૦૦/-

(૧૧) બાલાસિનોર મત વિસ્તારના વર્તમાન ધારાસભ્યશ્રી માનસિંહજી કે. ચૌહાણની વર્ષ ૨૦૧૦-૧૧ની ગ્રાન્ટમાંથી
રૂા. ૧,૦૦,૦૦૦/-

(૧૨) એક વૈષ્ણવ તરફથી રૂા. ૫૧,૦૦૧/-

(૧૩) સુભદ્રાબેન શાંતિલાલ પરીખ (ઘીવાળા)
રૂા. ૨૫,૦૦૦૧/- હસ્તે દીપક પરીખ

(૧૪) જીતેન્દ્રકુમાર ઓચ્છવલાલ પરીખ (દાઉદીઆ)
રૂા. ૨૫,૦૦૧/-

(૧૫) જયેશ પ્રફુલચંદ મોદી (કોઠીવાળા) (દીકરીના લગ્ન પ્રસંગે) રૂા. ૧૧,૦૦૦/-

**રૂા. ૨૮,૩૪,૧૧૪/-**

**ઓપરેશન મિતિ યોજના હેઠળ રૂા. ૭૫૦૦/-ના દાન માટે નીચે મુજબના દાતાઓનાં સમારંભ પ્રસંગે વચન મળેલા છે.**

(૧) શ્રી નિતિનભાઈ નટવરલાલ દેસાઈ (નાગર) બે મિતિ
(૨) શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ ચાર મિતિ
(૩) શ્રી રાજેન્દ્રભાઈ કીરતનલાલ પરીખ ત્રણ મિતિ
(૪) શ્રી અરવિંદભાઈ ચીમનલાલ દેસાઈ ત્રણ મિતિ
(૫) શ્રી રાકેશભાઈ કડકીઆ બે મિતિ
(૬) શ્રી યોગેશભાઈ રમણિકલાલ ધારીઆ બે મિતિ
(૭) શ્રી નિતિનભાઈ પ્રવિણચંદ્ર ગાંધી ત્રણ મિતિ
(૮) શ્રી રાહુલ શ્રીકાંત ધારીઆ ચાર મિતિ
(૯) શ્રી પરેશભાઈ રસિકલાલ પરીખ ત્રણ મિતિ
(૧૦) શ્રી નિમિષભાઈ મનહરલાલ કડકીઆ બે મિતિ
(૧૧) શ્રી ઉશનસભાઈ નવીનચંદ્ર કચેરીઆ બે મિતિ
(૧૨) શ્રી જીમીત ગોપાલ શેઠ (અત્તરવાળા)
હસ્તે : ધીરૂભાઈ શેઠ
(૧૩ અભિજીત રેનાશેઠ (અત્તરવાળા)
હસ્તે : ધીરૂભાઈ શેઠ
(૧૪) શૈલ અને આર્યન શાહ (વસનજી)
હસ્તે : આશાબેન શેઠ
(૧૫) કાંતિલાલ સાંકરલાલ કડકીઆ (મરઘા)
(૧૬) તેજલ સંદીપકુમાર કડકીઆ (ફાડીઆ)
(૧૭) શાંતિલાલ બકોરભાઈ પટેલ
(૧૮) મંગળભાઈ ધુળાભાઈ પટેલ
(૧૯) સુનિલ વિનોદચંદ શાહ (વડોદરાવાળા)
(૨૦) પ્રેરણા સુનીલભાઈ શાહ (વડોદરાવાળા)
(૨૧) તન્મય વ્રજેશ દેસાઈ
(૨૨) પ.પૂ. વલ્લભબાવાશ્રી તથા વહુજી
(૨૩) સુશીલાબેન ગોપાલદાસ પરીખ (અધોળી)
(૨૪) ભરતભાઈ કાંતિલાલ શાહ (ડામરવાળા)
(૨૫) અરમાન સમિત દેસાઈ
(૨૬) અનય સમિત દેસાઈ
(૨૭) ઓચ્છવલાલ મગનલાલ ગાંધી, હઃ સુધીરગાંધી
(૨૮) મિનાક્ષીબેન મોહીતભાઈ મહેતા (લેડી)
(૨૯) પ્રાચી લવ મહેતા (લેડી)
(૩૦) સ્નેહ આનંદ ચૌધરી
(૩૧) વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી)
(૩૨) આશિષ વિરેન્દ્ર ગાંધી (સુરતી)
(૩૩) મિરલ નિલેષ મહેતા
હસ્તે : રમેશભાઈ હાથીખાનાવાળા

## નામકરણ માટે દાતાઓને ટહેલ :

**સંસ્થાનીચેના દાતાઓ આવકારે છે.**

(૧) હોસ્પિટલ ‘ સર્વ રોગનિદાન કેમ્પ’ના નામકરણ માટે રૂા. ૧૧ લાખ અથવા તેથી વધુના દાતાશ્રીને આવકારવામાં આવે છે.

(૨) લેબોરેટરી વિભાગના ઈન્સ્ટુમેન્ટસના વાર્ષિક AMC કોન્ટ્રાકટના નામકરણ માટે રૂા. ૧૧ લાખના દાતાને આવકારવામાં આવે છે.

(૩) હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીન અદ્યતન વસાવવા માટે રૂા. ૧૦ લાખ કે તેથી વધુ દાતાશ્રીને આવકારવામાં આવે છે.

(૪) પેથોલોજી વિભાગ માટે બ્લડએનેલાઈઝર મશીન વસાવવા માટે રૂા. ત્રણ લાખના દાતાશ્રીને આવકારવામાં આવે છે.

(૫) હોસ્પિટલમાં ફીજીયોથેરાપી વિભાગમાં બાળકોની ફીજીયોથેરાપી માટેનાં સાધનો વસાવવા માટે તેમજ તે વિભાગને અલગ નામકરણ માટેના દાતાશ્રીને આવકારવામાં આવે છે. આ માટે રૂા. ૨,૫૦,૦૦૦/- તેથી વધુ રકમની ટહેલ નાખવામાં આવે છે.

(૬) હોસ્પિટલમાંનવનિર્મિત સર્જીકલ માઈનોર ઓ.ટી. તેમજ ઓર્થોપેડીક માઈનોર ઓ.ટી. ના નામકરણ માટે દાતાશ્રીને આવકારવામાં આવે છે. પ્રત્યેક ઓ.ટી. માટે રૂા. ૨,૫૦,૦૦૦/- કે તેથી વધુ રકમની ટહેલ નાખવામાં આવે છે.

**હોસ્પિટલમાં યોજવામાં આવેલ કેમ્પો :**

(૧) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ

(૨) અપર જી.આઈ. એન્ડોસ્કોપી નિદાન કેમ્પ

(૩) સર્વરોગ નિદાનકેમ્પ

(૪) તેરમો નટવરલાલ સાકરલાલ શાહ (ઝાટ)

**ચશ્માશિબિર આગામી તારીખ ૭-૩-૨૦૧૦ના રોજ યોજવામાં આવેલ છે.**

ચશ્માશિબિર બાલાસિનોર તાલુકાનાં બે ગામોએ અનુક્રમે ઓથવાડ તથા કઢૈયા તા. ૬-૩-૧૦ અને તા. ૭-૩-૧૦ના રોજ કે. મનોહર એન્ડ કંપની મુંબઈના સહકારથી યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં મફત આંખ તપાસીને નંબર કાઢી આપવામાં આવશે અને મફત ચશ્માનું વિતરણ કરવામાં આવશે.

**– મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ– શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ**

## મારી યાદમાં

રવિવાર તારીખ ૨૮ માર્ચ ૨૦૧૦, સાંજના ૫ થી ૮, પ્રેમપુરીજી આશ્રમ, બાબુલનાથ, મુંબઈ - ૪૦૦૦૦૭

સ્વ. શ્રી રજનીકાંત ઓચ્છવલાલ ધારીયા (પેઢીવાળા)ની જીંદગીની યાત્રાની સફર કરાવશે

ચિન્મય મિશન - વડોદરાના આચાર્ય

બ્રહ્મચારી સુવેદ ચૈતન્યજી

સંસ્મરણોની મીઠી યાદમાં ગીતોનો ગુંજારવ કરાવશે

ગાયક સંગીતકાર શ્રી જયેશ આશર

સર્વે વૈષ્ણવોને આ યાત્રામાં જોડાવવા વિનંતી ગં.સ્વ. ઈન્દુબેન રજનીકાંત ધારીઆનો પરિવાર.

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન ઉપયુક્ત મંડળને લગ્નપ્રસંગે નીચે મુજબ દાનવચન પ્રાપ્ત થયેલ છે.

(૧) શ્રી દીનેશ નટવરલાલ મોદી (શહેરાવાળા) તરફથી પુત્ર ચિ. કૃતેશના લગ્ન નિમિત્તે શ્રીમતી તારાબેન નટવરલાલ મોદી (શહેરાવાળા) ન્યાસ ફંડ રૂા. ૧,૦૦,૦૦૦/-

(૨) શ્રી અજીત પુનમચંદ પરીખ (ધબેલા) તરફથી પુત્ર ચિ. સુમીતના લગ્ન નિમિત્તે રૂા. ૨૧,૦૦૦/-

આ ન્યાસફંડના વ્યાજની આવકમાંથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવશે.

ઉપયુક્ત દાનવચન બદલ મંડળની કારોબારી સમિતિના સભ્યો તેમજ ટ્રસ્ટીગણ સખાવતી દાતાઓનો હાર્દિક આભાર માને છે.

ઉપરોક્ત મંડળ રૂા. ૧,૦૦,૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન-દાનવચન મંડળ તેમજ બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટને આપનાર સખાવતી દાતાઓનો એક સન્માન સમારંભ રવિવાર તા. ૧૩ જૂન ૨૦૧૦ના દિવસે રામા વાટુમલ હોલ કે.સી. કોલેજ, ચર્ચગેટ ખાતે આયોજિત કર્યું છે. સમસ્ત જ્ઞાતિજનોને જાહેર નિમંત્રણ.

વધુ વિગત હવે પછીના અંકમાં જણાવવામાં આવશે.

**– કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)**
**– શરદ નટવરલાલ દેસાઈ માનદ મંત્રીઓ**

## શ્રી વાડાસિનોર પ્રગતિ સમાજ ગીફ્ટ બાબત

જે સભાસદોને જણાવવાનું કે કોઈ સદસ્ય ગીફ્ટ વોરંટની સામે ગીફ્ટ લઈ ગયા છે તો તેઓએ ચેક કરી લેવી. કોઈપણ ખામી જણાતા તાત્કાલિક ઓફિસમાં સંપર્ક કરવો. કે જેથી યોગ્ય કરવામાં આવશે.

**– કારોબાર સમિતિ વતી**
**વાડાસિનોર પ્રગતિ સમાજ કો. ઓપ. સો. લી.**

## બાલાસિનોર વિદ્યામંડળ દ્વારા વ્યાખ્યાન

બાલાસિનોર વિદ્યામંડળ બાલાસિનોર નગરમાં વિવિધ વિદ્યાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહે છે. દર વર્ષે લાયન્સ કોમ્યુનીટી હોલમાં સંગીતા કિરણ દોશી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે. અત્યાર સુધી સંગીતા કિરણ દોશી વ્યાખ્યાનમાળામાં વીસ જેટલા વ્યાખ્યાનો યોજાઈ ગયા આ વર્ષે પ્રો. હિતેશભાઈ ભટ્ટનું વ્યાખ્યાન 'જીવન ઘડતરના મૂલ્યો' ઉપર યોજાઈ ગયું. સમારંભના અધ્યક્ષ બાલાસિનોર વિદ્યામંડળના ઉપપ્રમુખશ્રી મણીકાન્ત કડકીઆએ સૌ મહેમાનોને આવકાર આપ્યો તેમજ વિદ્યામંડળને મળેલ દાનના દાતાઓના નામની જાહેરાત કરી, આ વ્યાખ્યાનમાળા માટેના વકતાઓ અને વ્યાખ્યાનનું આયોજન કરનાર શ્રી જંયતીભાઈ ગાંધી છે. પ્રારંભમાં પ્રો. રજનીભાઈ ભટ્ટે પ્રાર્થનાથી શરૂઆત કરી પછી પ્રો. હિતેશભાઈ ભટ્ટનું વ્યાખ્યાન દ્રષ્ટાંત સહિત માનવના જીવન ઘડતર વિશે ખુબ સરળ શૈલીમાં મનનીય વ્યાખ્યાન આવ્યું. શ્રોતાગણ પણ આ વ્યાખ્યાનથી ખૂબ પ્રભાવિત થયા અને વકતા સાથે સારી એવી પ્રશ્નોતરી થઈ, વ્યાખ્યાનના અન્તે બાસાલિનોર કોલેજના વિદ્યાર્થીઓ કે જે સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત રમાયેલ વોલીબોલમાં સમગ્ર ગુજરાતમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું જેમને વિદ્યામંડળ તરફથી ટ્રેક સુટ આપીને અભિવાદન કર્યું મિમિક્રિમાં ગુજરાતમાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર શેખ આશીકને પણ ટ્રેક સુટ આપીને અભિવાદન કર્યું. ત્યાર બાદ આભાર દર્શન પ્રિ.ડૉ.ડી.પી. માછીએ કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. રજનીભાઈ ભટ્ટે કર્યું.

## જીવતી મા નું શ્રાદ્ધ કરતો દીકરો

એક મીત્ર મીઠાઈની દુકાને મળી ગયો.
મને કહે 'આજે માનું શ્રાદ્ધ છે.
માને લાડુ બહુ ભાવે એથી
લાડુ લેવા આવ્યો છું.'
મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.
હજી પાંચ મીનીટ પહેલાં તો હું એમની માને
શાક માર્કેટમાં મળ્યો હતો.
હું કાંઈ બોલું તે પહેલાં ખુદ એ
માતાજી હાથમાં થેલી લઈને ત્યાં આવી પહોંચ્યા.
મે મીત્રના બરડે ધબ્બો લગાવ્યો પુછયું,
'ભલા માણસ, આ શી મજાક માંડી છે....!'
માજી તો આ રહ્યાં તારી બાજુમાં...!
મીત્રએ માતાના બન્ને ખભા પર હાથ મુક્યો અને
હસીને કહ્યું : 'દીનેશભાઈ, વાત એમ છે કે
માના મર્યા બાદ ગાય-કાગડાને વાસમાં લાડુ મુકવાને
બદલે હું માના ભાણામાં લાડુ મુકી
એમને જીવતેજીવત જ તૃપ્ત કરવા માગું છું.
હું માનું છું કે જીવતા જીવત જ
મા-બાપને સર્વે વાતે સુખી કરો
એ સાચુ શ્રાદ્ધ ગણાય!'
એમણે આગળ કહ્યું : 'માને ડાયાબીટીશ છે, પણ
એમને સોસીયો બહુ ભાવે છે.
હું એમને માટે સોસીયો હંમેશા ફ્રીઝમાં રાખું છું.
ખાજલી, સફેદ જાંબુ, કેરી વગેરે એમની ભાવતી
આઈટેમ છે. તે બધું જ હું એમને ખવડાવું છું.
શ્રદ્ધાળુઓ મંદીરે જઈ અગરબત્તી સળગાવે છે.
હું મંદીરે જતો નથી. પણ માના સુવાના ઓરડામાં
કાચબાછાપ અગરબત્તી સળગાવી આપું છું.
સવારે મા ગીતા વાંચવા બેસે ત્યારે
માના ચશ્મા જાતે સાફ કરી આપું છું.
મને લાગે છે કે ભગવાનનો ફોટો કે
મુર્તી સાફ કરવા કરતા ઘરડી માના ચશ્મા સાફ
કરવાથી વધુ પુણ્ય મળે છે.!'
મીત્રની વાત
શ્રદ્ધાળુઓને કઠે એવી છે પણ
વાતમાં વજુદ છે.
આપણે વૃદ્ધોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કરીએ છીએ.
જ્ઞાતીને લાડુ દુધપાકનું જમણ જમાડીએ છીએ.
રીવાજ ખાતર ભલે તેમ કરવું પડતું, પણ યાદ રહે
ગાય-કાગડાને ખવડાવેલું કદી ઉપર પહોંચતું નથી.
અમેરીકા અને જાપાનમાં પણ સ્વર્ગ માટેની
કોઈ 'ટીફીનસેવા' હજી શરૂ થઈ નથી.
માવતરને જીવતાજીવત જ બધાં સુખો
આપીએ તે ઉત્તમ શ્રાદ્ધ ગણાય.


## 'જ્યોતિ પુંજ' (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
'જ્યોતિ પુંજ' પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | |
|---|---|
| **૧) પ્રકાશનું સ્થળ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| **૨) પ્રકાશનની સામયિકતા** | : માસિક |
| **૩) મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪) તંત્રીનું નામ** | : નિખિલ બાબુલાલ પરીખ |
| **૬) જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, નિખિલ બાબુલાલ પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ તા.૧૫.૩.૨૦૧૦ (સહી) : નિખિલ બી. પરીખ**

**પ્રકાશક : ''જ્યોતિ પુંજ''**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના કાર્યવાહક સમિતિની ૭મી બેઠક તા. ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ મંગળવારના રોજ સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી. સંસ્થાના પ્રમુખશ્રી શીરીષ પરીખના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ સંસ્થાની છઠ્ઠી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમતે પસાર કરાયો હતો.

સંસ્થાના નોટબુક સમિતિના સંયોજક શ્રી દીક્ષીત પરીખએ એમનો અહેવાલ રજુ કર્યો હતો. તે ત્રણ ટેન્ડર મંગાવ્યા હતા તેમાંથી નીમીષ બુક ડેપોને ઓર્ડર આપવાનું નક્કી કરાયુ હતું.

સંસ્થાના શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી ભરત પરીખએ એમનો અહેવાલ રજુ કર્યો હતો. કુલ આ માસ સુધી ૬૦ કુટુંબ (૧૮૧ સભ્યો)એ લાભ લીધો હતો.

સંસ્થાના હોસ્પિટલ સહાય યોજનાના સંયોજક શ્રી કીર્તી કડકીઆએ એમનો અહેવાલ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૨૩ નવી આજીવન સભ્યોની અરજી આવી હતી તથા ૨ લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરાઈ હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

**મંત્રી – શ્રી મંજુલ શૈલેશ ધારીઆ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Smt. Malvika Ramanlal Shah (Vasanji)**
   504, Pushpa Park-1,
   Khetan Co.op. Hsg. Society,
   Opp. Telephone Exchange,
   S.V. Road, Malad (West), Mumbai - 400 064
   Ph. : 022-28822449
2. **Shri Bipin Mohanlal Parikh**
   Uphar Apt. "A" Wing, Flat No.-2, Gr. Floor,
   S.V.P. Road, Prem Nagar,
   Borivali (West), Mumbai - 400 092
3. **Shri Asit Mody**
   B/29, Sahjivan Co.op. Society, 3rd Floor,
   Lallubhai Park, Andheri (West),
   Mumbai - 400 058. Ph. : 26283286
4. **Shri Chandravadan Kirtanlal Desai (Dedki)**
   **Shri Samir Chandrakant Desai**
   49, Kanta Kunj, Dadabhai Cross Road No.-2,
   Off. J.P. Road, Andheri (West), Mumbai - 400058
   Ph. : 022-26244090 (M) : 9820130549
   Usha Desai - 9820160549
   Samir Desai - 9833052118
5. **Shri Bhagyesh Sahshikant Shah**
   "B" Wing, Flat No. - 601, 6th Floor,
   Dharam Palace Co.op. Hsg. Society,
   Shantivan, Shree Krishna Nagar,
   Borivali (East), Mumbai - 400 066
6. **Shri Minish B. Kadakia (Latkari)**
   **Smt. Rita M. Kadakia (Latkari)**
   Shree Villa, Flat No. - 1001, 14th Floor,
   17 Wadia Street,Tardeo, Mumbai - 400 034
   Ph. : 23520292, M : 9833129185
7. **Shri Arvind Kantilal Kadakia (Halolwala)**
   406. A.H. Heritage, 4th Floor,
   8/9, Khandubhai Desai Road (Rasraj Hotel's Gali)
   Vile Parle (West), Mumbai - 400 056
   Ph. : 26714475
   **Arvind Kadakia** - M. : 9324113115
   **Jyoti Kadakia** - M. : 932317829

## શુભ લગ્ન

**દીપેન** હરેશ બાબુલાલ કડકીઆ (બેરા)
**મોનીકા** છોટાલાલ હલોલા

## તેજસ્વી તારલા

**રોનલ નિખિલ પરીખ** II M.B.B.S. માં KEM માંથી ૭૬.૫ ટકા માર્કસ સાથે ડીસ્ટીંગશનમાં પાસ થયા છે. સંસ્થા વતી અભિનંદન.

**કોમલ જતીન કોટીઆ** C.A. ની Exam માં ૬૨% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે. તથા હાયર સેંકડરી Education-Pune ખાતેથી ૮૫.૫૦ % માર્કસ સાથે કોમર્સ વિભાગમાં પાસ થયા છે. સંસ્થાવતી અભિનંદન.

## નવા ટેલીફોન નંબર

૧. નટવરલાલ ચંદુલાલ એન્ડ સન્સ (ઘાટકોપર)
(ઓ) : ૨૧૦૨૦૪૮૮ / ૨૧૦૨૬૪૮૬
૨. શ્રી યોગેશ નટવરલાલ મહેતા (પડાલવાળા)
(ઘર) : ૨૧૦૨૬૭૧૪

## મૃત્યુ નોંધ

| | ઉંમર (વર્ષ) |
|---|---|
| ડૉ. હરેન સાંકરલાલ ગાંધી | ૬૮ |
| અનિલાબેન પી.ડી. સ્વામિનારાયણ | ૬૭ |
| બાબુલાલ ચુનીલાલ કડકીયા (મલમ) | ૮૭ |
| જ્યોત્સનાબેન બિપિનચંદ્ર કચેરીયા | ૬૧ |
| અજુંબેન રજનીકાન્ત દેસાઈ | ૬૪ |

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી :** Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ*